dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 48 । AD - 2026, Kartak Sud-11 । Saturday, Dt. 21-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ભાજપ જીતમાં બીજા નંબરે રહેતા રાજકારણમાં ગરમાવો

રાજસ્થાન પંચાયત ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસનો ૨,૯૨૨ બેઠકો પર વિજય

જયપુર, તા. ૨૦

રાજસ્થાનમાં યોજાયેલી પંચાયત સમિતિ સભ્યોની ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર નોંધપાત્ર સરસાઈ મેળવી છે. ઉપલબ્ધ આંકડા મુજબ, રાજ્યના ૩૫ જિલ્લાઓની ૧૮૨ પંચાયત સમિતિઓની કુલ ૧,૭૪૭ બેઠકોના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે, જેમાં કોંગ્રેસ ૮૬૯ બેઠકો જીતીને પ્રથમ સ્થાને રહી છે, જ્યારે ભાજપ ૫૩૬ બેઠકો સાથે બીજા ક્રમે છે. આ પરિણામોમાં કોંગ્રેસે લગભગ ૫૦ ટકા અને ભાજપે ૩૧ ટકા બેઠકો પર કબજો જમાવ્યો છે. આ ઉપરાંત અપક્ષ ઉમેદવારોએ ૧૫૪, રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (આરએલપી)એ ૧૨૯, ભારત આદિવાસી પાર્ટીએ ૨૫, સીપીઆઈ(એમ)એ ૧૮, બસપાએ ૧૫ અને આમ આદમી પાર્ટીએ એક બેઠક પર વિજય મેળવ્યો છે.

રાજ્યની કુલ ૮,૨૪૫ પંચાયત સમિતિ બેઠકોમાંથી અત્યાર સુધીમાં પાંચમા ભાગની બેઠકોના પરિણામો જ જાહેર થયા છે, જ્યારે કોટા, બારન, શ્રીગંગાનગર અને કરૌલીમાં ૧૭ ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે. જિલ્લાવાર પરિણામો પર નજર કરીએ તો જોધપુરની ૨૪૩ બેઠકોમાંથી કોંગ્રેસે ૧૨૮, આરએલપીએ ૫૩ અને ભાજપે ૫૨ બેઠકો જીતી



છે. જયપુર જિલ્લાની ૧૯૫ બેઠકોમાંથી કોંગ્રેસે ૧૦૯ અને ભાજપે ૪૭ બેઠકો મેળવી છે. જયપુરની આમેર, આંધી, ઝોટવાડા અને શાહપુરા પંચાયત સમિતિઓમાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી છે, જે ભાજપ માટે મોટો ફટકો સાબિત થઈ છે, કારણ કે ભાજપના જિલ્લા પ્રમુખ રમા ચોપડા અને ઉપપ્રમુખ મોહન ડાંગર પોતપોતાની ચૂંટણી હારી ગયા છે. બીજી તરફ, સીકર અને દૌસામાં પણ કોંગ્રેસ આગળ રહી છે, જ્યારે પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગૃહ જિલ્લા ઝાલાવાડમાં ભાજપે ૫૦ અને કોંગ્રેસે ૪૯ બેઠકો જીતતા રસાકસીભર્યો મુકાબલો જોવા મળ્યો હતો. ઉદયપુરમાં ભાજપે ૬૨ અને કોંગ્રેસે ૫૪ બેઠકો જીતી છે, જ્યારે ભરતપુરમાં ૪૬માંથી ૨૨ બેઠકો જીતીને અપક્ષોએ સૌને ચોંકાવ્યા છે. હનુમાનગઢમાં કોંગ્રેસ અને ડુંગરપુરમાં ભાજપનું વર્ચસ્વ રહ્યું છે.

આ ચૂંટણી પરિણામોમાં મહિલા શક્તિનો દબદબો જોવા મળ્યો છે, જેમાં કુલ વિજેતાઓમાંથી ૯૪૯ મહિલાઓ (આશરે ૫૪ ટકા) અને ૭૯૭ પુરુષો ચૂંટાયા છે. વિજેતા ઉમેદવારોની સરેરાશ ઉંમર ૪૧ વર્ષ રહી છે, જેમાં ૨૧ વર્ષના સૌથી યુવા અને ૮૧ વર્ષના સૌથી વયોવૃદ્ધ ઉમેદવારનો સમાવેશ થાય છે. રાજ્ય ચૂંટણી પંચે અત્યાર સુધીમાં ૩૭ પંચાયત સમિતિ સભ્યો અને ચાર જિલ્લા પરિષદ સભ્યોને બિનહરીફ વિજેતા જાહેર કર્યા છે. ચાર તબક્કામાં શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયેલા મતદાન બાદ હવે બાકીની બેઠકોના અંતિમ પરિણામો પર સૌની નજર ટકેલી છે.

સુપર અલ નીનોને કારણે ભારતમાં ઘઉંના વાવેતરમાં ૨૬ વર્ષનો સૌથી મોટો ઘટાડો થવાની શક્યતા

સરકાર માટે ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવાનો પડકાર

નવી દિલ્હી, તા. ૨૦

એક દાયકા કરતાં વધુ સમયના સૌથી નબળા ચોમાસા અને સુપર અલ નીનોની અસરને કારણે ભારતમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૨૬ વર્ષમાં સૌથી મોટો ઘટાડો થવાની શક્યતા છે. જૂન-સપ્ટેમ્બર દરમિયાન પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા મુખ્ય ઉત્પાદક



રાજ્યોમાં સરેરાશ કરતાં ૪૧ ટકા ઓછો વરસાદ પડતા ખેતરોમાં પાણીની તીવ્ર અછત સર્જાઈ છે. ઘઉંને ચારથી પાંચ સિંચાઈની જરૂર પડતી હોવાથી ખેડૂતો ઓછા પાણીની જરૂરિયાત ધરાવતા અને વધુ નફો આપતા ચણા, સરસવ અને મકાઈ જેવા વૈકલ્પિક પાકો તરફ વળી રહ્યા છે.

સરકારી આંકડા મુજબ, ૧૩ નવેમ્બર સુધીમાં ૫ મિલિયન હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું છે, જે ગત વર્ષ કરતાં ૧૫.૩ ટકા ઓછું છે. ઉદ્યોગ નિષ્ણાતોના અંદાજ પ્રમાણે, ૨૦૨૬/૨૭ની સિઝનમાં ઘઉંનો કુલ વાવેતર વિસ્તાર ૬ ટકા ઘટીને ચાર વર્ષના નીચલા સ્તરે એટલે કે ૩૧.૫૮ મિલિયન હેક્ટર રહેવાની ધારણા છે, જે ૨૦૦૦/૦૧ પછીનો સૌથી મોટો ઘટાડો હશે. વિશ્વના બીજા સૌથી મોટા ઘઉં ઉત્પાદક દેશમાં ઉપજ ઘટવાના જોખમને પગલે આગામી સમયમાં ઘઉંના ભાવમાં વધારો થઈ શકે છે, જે સરકાર માટે ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવાનો પડકાર વધારશે.

ચૂંટણી કમિશ્નરોની નિમણૂકના વિવાદને લઈ સુપ્રીમ કોર્ટનો અલગ સુનાવણી કરવાનો ઈનકાર

નવી દિલ્હી, તા. ૨૦

સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નરોની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ના કાયદા અંગે અગાઉ અપાયેલા વિભાજિત ચુકાદાને રદ કરવાની માંગ કરતી 'રિકોલ' અરજી પર અલગથી સુનાવણી કરવાનો શુક્રવારે ઈનકાર કર્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ)ની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે, ૨૦૨૩ના અધિનિયમની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની



સુનાવણી માટે રચાયેલી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ જ આ રિકોલ અરજી અને રેફરન્સ ઓર્ડર સંબંધિત તમામ મુદ્દાઓ પર વિચાર કરશે.

અરજદારના વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે આ રિકોલ અરજી ૨૩ સપ્ટેમ્બરે વિભાજિત ચુકાદો આપનાર જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની મૂળ બેન્ચ સમક્ષ જ રજૂ થવી જોઈએ, કારણ કે જસ્ટિસ શર્મા આગામી સપ્તાહે નિવૃત્ત થઈ રહ્યા છે અને તેમના પર હિતોના સંઘર્ષનો આરોપ છે. જોકે, સીજેઆઈએ જણાવ્યું હતું કે મૂળ બેન્ચના ન્યાયાધીશ નિવૃત્ત થાય તો પણ બંધારણીય બેન્ચ આ અરજી પર વિચાર કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩ના નવા કાયદા હેઠળ ચૂંટણી કમિશ્નરોની પસંદગી પેનલમાંથી સીજેઆઈને બાકાત રાખીને વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને એક કેબિનેટ મંત્રીનો સમાવેશ કરાયો છે, જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

ભુવનેશ્વર સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે અવિરત વરસાદ વરસ્યો

ચક્રવાતી વાવાઝોડું 'અક્વાન' ઉત્તર આંધ્ર અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠેથી પસાર

ભુવનેશ્વર, તા. ૨૦

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું 'અક્વાન' શુક્રવારે સવારે ૭:૩૦ થી ૮:૩૦ વાગ્યાની વચ્ચે ગોપાલપુર નજીક ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠેથી પસાર થયું હતું. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, દરિયાકાંઠાને પાર કરતી વખતે પવનની ગતિ ૭૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાક



હતી, જે વધીને ૯૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી હતી. વાવાઝોડાની અસરને કારણે ઓડિશાની રાજધાની ભુવનેશ્વર સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે અવિરત વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આ વાવાઝોડું ઓડિશા ઉપર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં આગળ વધીને આગામી કલાકોમાં નબળું પડી ઊંડા ડિપ્રેશન અને ત્યારબાદ સામાન્ય ડિપ્રેશનમાં ફેરવાઈ જશે. સાવચેતીના ભાગરૂપે દક્ષિણ-પૂર્વ રેલવેએ પુરી તરફ જતી અને પસાર થતી ૨૮ જેટલી એક્સપ્રેસ ટ્રેનો રદ કરી છે, જ્યારે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહન માઝીએ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી, જેના પગલે ૨૦ જિલ્લાઓમાંથી ૩ લાખથી વધુ લોકોનું સુરક્ષિત સ્થળાંતર કરાવી ૯,૩૪૧ આશ્રયસ્થાનો અને ૪૧૮ બચાવ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત, આંધ્રપ્રદેશમાં ૫૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે, જ્યારે દક્ષિણ બંગાળ, તેલંગાણા અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

નેપાળના પીએમ બાલેન્દ્ર શાહ ૨૨ નવેમ્બરે ભારતની પ્રથમ મુલાકાતે



નવી દિલ્હી, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહ ૨૨-૨૩ નવેમ્બર દરમિયાન ભારતની મુલાકાતે આવશે. માર્ચ ૨૦૨૬માં પદ સંભાળ્યા બાદ આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે. આ દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે તથા ૨૩ નવેમ્બરે પીએમ મોદી સાથે વેપાર, ઉર્જા, કનેક્ટિવિટી અને પરસ્પર સહયોગના મુદ્દે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.



કુંકાવાવ તાલુકાનાં નાની કુંકાવાવ, સનાળા, જૂના બાદનુર અને નવા બાદનુર ગામનાં તળાવો તથા ચેકડેમોમાં પાણી પહોંચશે

કુંકાવાવના સનાળામાં વાલ્વનું મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ

અમરેલી,તા.૨૦

કુંકાવાવ તાલુકાના સનાળા ગામે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે સૌની યોજના લીંક-૪,પેકેજ-૬ અંતર્ગત નિર્મિત ન્યુ સ્કાવર વાલ્વનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૨.૨૪ કરોડના ખર્ચે સૌની યોજનાની હયાત પાઈપલાઈનમાં નાની કુંકાવાવ અને સનાળા ગામે સ્કાવર વાલ્વનું મહત્વપૂર્ણ વિકાસકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ કામગીરી પૂર્ણ થતાં સ્થાનિક ખેડૂતોનું વર્ષો જૂનું સપનું સાકાર થયું છે.ન્યુ સ્કાવર વાલ્વ કાર્યરત થવાથી સનાળા સહિત આસપાસના વિસ્તારોની અંદાજે ૨૦૦ હેક્ટર જમીનને સિંચાઈના પાણીનો સીધો લાભ મળશે. ખાસ કરીને સૌની યોજનાના નર્મદાના નીરથી કુંકાવાવ તાલુકાનાં નાની કુંકાવાવ, મોટી કુંકાવાવ, સનાળા, જૂના બાદનુર અને નવા બાદનુર ગામનાં તળાવો તથા ચેકડેમોમાં પાણી પહોંચશે. પરિણામે ખેડૂતોને ખેતી માટે પાણી ઉલબ્ધ થશે અને સિંચાઈની સમસ્યામાં નોંધાત્ર રાહત મળશે.આ પ્રસંગે ઉપસ્થિત



જનમેદનીને સંબોધતાં રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, વર્ષો પહેલાં નર્મદા નદીનું પાણી સૌરાષ્ટ્રના છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવાની વાતોને માત્ર લોભામણી જાહેરાતો ગણવામાં આવતી હતી, પરંતુ આજે સૌની યોજના થકી આ વાત હકીકતમાં પરિવર્તિત થઈ છે. નર્મદાના નીર છેક અમરેલી જિલ્લાના સનાળા સુધી પહોંચ્યા છે. સ્કાવર વાલ્વની કામગીરી પૂર્ણ થતાં આ વિસ્તારના ખેડૂતોની પાણીની સમસ્યા કાયમી ધોરણે દૂર કરવામાં મદદ મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં કરોડો રૂપિયાનાં વિકાસકામો ઝડપથી આગળ વધી રહ્યાં છે. ખેડૂતોના પ્રશ્નો હોય કે રોડ-રસ્તાની સુવિધા, દરેક ક્ષેત્રે સરકાર દ્વારા આયોજનબધ્ધ રીતે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યાં છે. અમરેલી, કુંકાવાવ અને વડીયા વિસ્તારમાં તાજેતરમાં તળાવો ઊંડાં કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો થતાં ખેડૂતોને જળસંરક્ષણનો લાભ મળ્યો છે. લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોએ રાજ્યમંત્રી કૌશિક વેકરિયાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતુ.

લીલીયા ખાતે 'બેટી બચાવો, બેટી વધાવો' અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

મહિલાઓના કાયદાકીય અધિકારો, સરકારી યોજનાઓ, બાળલગ્ન સહિતના વિષયો અંગે સમજ આપવામાં આવી



લીલીયા,તા.૨૦

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ સુરક્ષા અધિકારી અમરેલી તથા તાલુકા હેલ્થ ઓફિસ લીલીયાના સંયુક્ત ઉપક્રમે 'બેટી બચાવો, બેટી વધાવો' યોજના અંતર્ગત જાતિગત સમાનતાને અનુલક્ષીને સેમિનાર યોજાયો હતો.

તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, લીલીયા ખાતે યોજાયેલા સેમિનારમાં કન્યા કેળવણી, સ્ત્રી-પુરુષ જાતીય અસમાનતા, મહિલાઓના કાયદાકીય અધિકારો, સરકારી યોજનાઓ, બાળલગ્ન સહિતના વિષયો અંગે સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ વિજયભાઈ કોગથિયા, કમલેશભાઈ અગ્રાવત, આયુષ ડોક્ટર નેહાબેન પીપળીયા, આશા બહેનો, આશા ફેસિલિટેટર અને ફિમેલ હેલ્થ વર્કરો ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ. એ. સિધ્ધપુરાએ પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

બાબરા પંથકમાં સિંહની અને દીપડાની હાજરીથી લોકોમાં ભયનો માહોલ છવાયો

બાબરા,તા.૨૦

બાબરા પંથકમાં છેલ્લા ઘણા સમયથી સિંહ અને દીપડાની અવરજવર વધી રહી છે. ખંભાળા, નાની કુંડળ અને કોટડાપીઠા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ દ્વારા પશુઓના મારણના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે આજે બાબરા શહેરમાં પણ સિંહ આવી પહોંચતા લોકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ જોવા મળ્યો હતો. બાબરા-નિલવળા રોડ પર જૂના તળાવ નજીક સિંહે એક ગાયનું મારણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે.



તસવીર : દિપક કનૈયા

ત્યારબાદ સિંહ નજીકની વાડીમાં હોવાની માહિતી મળતાં લોકો તેને જોવા માટે એકઠા થયા હતા. શહેર નજીક સિંહની હાજરીથી ખેડૂતો, ખેતમજૂરો અને પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. ખુલ્લામાં પશુધન ચરાવતા લોકો અને ખેતરોમાં રહેતા પરિવારોમાં પણ ભય જોવા મળી રહ્યો છે.

વન વિભાગ દ્વારા તકેદારીનાં પગલાં ભરવાની માંગ ઉઠી છે. લોકોએ સિંહથી સુરક્ષિત અંતર જાળવવા અને ભીડ ન કરવા અપીલ કરવામાં આવી છે.

જાફરાબાદ અને રાજુલામાં દેશી દારૂ સાથે ત્રણ શખ્સો ઝડપાયા

જાફરાબાદ,તા.૨૦

અમરેલી જિલ્લામાં દેશી દારૂની પ્રવૃત્તિ સામે પોલીસે કાર્યવાહી તેજ કરતા તા. ૧૯ ના રોજ જાફરાબાદ અને રાજુલા વિસ્તારમાંથી કુલ ૩ શખ્સોને દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.પોલીસ વિગતો મુજબ, જાફરાબાદ મરીન વિસ્તારમાં સામાકાંઠા જૂની ફિશરીઝ ચોકી પાસેથી નારણભાઈ જેઠાભાઈ બાંભણીયા ઉર્ફે બાવસીદીવાળા (ઉં.વ. ૫૯) ને ૧ લિટર દેશી દારૂ (કિં.રૂ. ૨૦૦) સાથે ઝડપી લેવાયા હતા. જાફરાબાદ ટાઉન પોલીસે વઢેરા બસ સ્ટેશન પાસેથી સોમાતભાઈ રણસોડભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૦) પાસેથી ૨ લિટર દેશી દારૂ (કિં.રૂ. ૪૦૦) જપ્ત કર્યો હતો. જ્યારે રાજુલામાં પાણીની ટાંકી પાસેથી પ્રવિણભાઈ કરશનભાઈ ચુડાસમા (ઉં.વ. ૫૨) ને ૧ લિટર દેશી દારૂ (કિં.રૂ. ૨૦૦) સાથે પકડી પાડી પ્રોહિબિશન હેઠળ ગુના નોંધાયા છે.

નાગેશ્રી નજીક બાઈક અકસ્માતમાં ડુંગરના યુવાનનું સારવાર દરમિયાન મોત

પોલીસ અને હોસ્પિટલના સ્ટાફે મોબાઈલના સીમકાર્ડની મદદથી પરિવારજનોનો સંપર્ક કર્યો

રાજુલા,તા.૨૦

ભાવનગર-સોમનાથ હાઈવે પર નાગેશ્રી નજીક મોટરસાયકલ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ડુંગર ગામના કેતન દિનેશભાઈ કણઝરીયાનું રાજુલા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ હાઈવેની એમ્બ્યુલન્સ મારફતે તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સમયે તેઓ બાઈક પર એકલા હોવાથી શરૂઆતમાં તેમની ઓળખ થઈ શકી નહોતી. રાજુલા પોલીસ અને હોસ્પિટલના સ્ટાફે



મોબાઈલના સીમકાર્ડની મદદથી પરિવારજનોનો સંપર્ક કરી તેમની ઓળખ મેળવી હતી. જોકે, પરિવારજનો હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ યુવાનનું મોત થયું હતું. પરિવારજનોની હાજરીમાં મૃતદેહના પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વડિયાના નવા ઉજળામાં સગીરાનું લલચાવી-ફોસલાવી અપહરણ

વાડીમાં ખેતમજૂરી કરતા શ્રમિકની પુત્રીને ભગાડી જવા અંગે ધાર જિલ્લાના શખ્સ સામે ફરિયાદ

વડિયા,તા.૨૦

વડિયા તાલુકાના નવા ઉજળા ગામે વાડીમાં ખેતમજૂરી કરતા શ્રમિકની પુત્રીનું લલચાવી-ફોસલાવી અપહરણ કરાયાની ઘટના સામે આવી છે. હાલ નવા ઉજળામાં ચંદુભાઈ વિક્રલભાઈ કાવઠીયાની વાડીએ રહેતા અને મૂળ મધ્યપ્રદેશના વતની અને શ્રમિકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, આરોપી રણજીતભાઈ મોહન (રહે. દેવધા, તા. કુક્ષી, જિ. ધાર) ફરિયાદીની પુત્રીને લલચાવી-ફોસલાવી અને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. વડિયા પોલીસ મથકના અના. એ.એસ.આઈ. બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

ચલાલામાં ગંભીર ગુનાના આરોપીના ઘરે પોલીસ અને પીજીવીસીએલની સંયુક્ત ટીમનું વીજ ચેકિંગ, લાખોનો દંડ

ચલાલા,તા.૨૦

ધારી તાલુકાના ચલાલા વિસ્તારમાં પોલીસ અને પીજીવીસીએલની ટીમ દ્વારા સંયુક્ત રીતે વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન ગેરકાયદે વીજ જોડાણ મળી આવતાં પીજીવીસીએલ દ્વારા અંદાજે રૂ. ૧.૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ગુનાના આરોપી બાધુભાઈ ઘનાભાઈ વાળાના મીઠાપુર (ડુંગરી), હરિયાણમ સોસાયટી, તા. ધારી, જિ. અમરેલી સ્થિત રહેણાક મકાનમાં આ ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન વીજળીનું ગેરકાયદે જોડાણ મળી આવતાં પીજીવીસીએલ દ્વારા નિયમ મુજબ દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીથી ગેરકાયદે વીજ વપરાશ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.



લાઠી સબ ડિવિઝનમાં રૂ. ૮૦.૪૯ લાખના વિદેશી દારૂનો નાશ કરાયો

લાઠી,તા.૨૦

લાઠી સબ ડિવિઝન હેઠળ દારૂબંધીના કાયદા અંતર્ગત નોંધાયેલા ૨૨ ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલી વિદેશી દારૂની કુલ ૩૧,૪૩૨ બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. આ દારૂની કુલ કિંમત રૂ. ૮૦,૪૯,૧૮૯ થવા જાય છે. લાઠી, દામનગર અને બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં જપ્ત કરાયેલો દારૂ લાઠી તાલુકાના કરકોળિયાથી બેડી ગામ તરફ જતા રસ્તા પર આવેલી પડતર જમીનમાં નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન ડીવાયએસપી વિસ્મય માનસેતા, એસડીએમ પારસ ચૌહાણ, મામલતદાર રાજ્યગુરુ સહિતના અધિકારીઓ અને નિયુક્ત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નિયમ મુજબ દારૂનો નિકાલ કરાયો હતો.



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

લાંબા અંતરની ટ્રેનો અમરેલીથી શરૂ થાય તે માટે મિશન બ્રોડગેજ મેદાને

અમરેલીથી મુંબઈ, અમદાવાદ અને હરિદ્વાર માટે નવી ટ્રેનો શરૂ કરવાની માંગ

અમરેલી, તા. ૨૦



અમરેલી જિલ્લાના પ્રવાસીઓ, વેપારીઓ અને દૈનિક મુસાફરોની સુવિધામાં વધારો થાય તે માટે અમરેલી મિશન બ્રોડગેજ દ્વારા સાંસદ ભરત સુતરિયાના પી.એ.ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સાંસદ હાજર ન હોવાથી તેમના પી.એ.એ આવેદનપત્ર સ્વીકાર્યું હતું. રજૂઆતમાં જણાવાયું હતું કે અમરેલી-ખીજડીયા બ્રોડગેજ રેલવે લાઈનનું કામ પૂર્ણ થતાં હવે નવી ટ્રેન સેવાઓ શરૂ કરવામાં આવે. અમરેલીથી ધંધુકા, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને વાપી થઈ મુંબઈ સુધી સીધી ટ્રેન શરૂ કરવાની માંગ કરાઈ હતી. આ ઉપરાંત અજમેર, જયપુર, મથુરા, દિલ્હી અને હરિદ્વાર માટે પણ ટ્રેનો ફાળવવા રજૂઆત થઈ હતી. દૈનિક મુસાફરો અને વેપારીઓ માટે વહેલી સવારે અમદાવાદ જવા તથા રાત્રે પરત ફરવા ઈન્ટરસિટી ટ્રેન શરૂ કરવાની માંગ કરાઈ હતી. પ્રમુખ રાજેશભાઈ ગાંધીની આગેવાનીમાં આશાબેન દવે, જયદીપભાઈ વ્યાસ, અનસુયાબેન શેઠ અને ગૌતમભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. પી.એ.એ યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

અમરેલી મિશન બ્રોડગેજ દ્વારા સાંસદ ભરત સુતરિયાને આવેદનપત્ર પાઠવી વિવિધ રૂટ પર રેલવે સેવા શરૂ કરવા રજૂઆત

અડતાળા ગામે યુવક પર હુમલો કરનારા આરોપીઓનું રિકન્ટ્રક્શન

અમરેલી,તા.૨૦



લાઠી તાલુકાના અડતાળા ગામે પાણી અંગે રજૂઆત કરવા ગયેલા યુવાન સાથે બોલાચાલી બાદ મારામારી અને ફાયરિંગના પ્રયાસની ઘટના બની હતી. આ મામલે લાઠી પોલીસે ઉપસરપંચ જીતુ વાળા સહિત પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આજે પોલીસે બે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન આરોપીઓ પાસે માફી પણ મંગાવવામાં આવી હતી. બીજી તરફ, આ બનાવમાં સંડોવાયેલા ફરાર મુખ્ય આરોપીને ઝડપી પાડવા પોલીસે શોધખોળ તેજ કરી છે. સમગ્ર મામલે લાઠી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ધારીના છતડીયામાં ખેતરમાંથી ૪૦ હજારના મોટર વાયરની ચોરી

વાડીની ઓરડી પાસે રાખેલો ૪૦૦ ફૂટ જૂની મોટરનો વાયર અજાણ્યો તસ્કર ચોરી ગયો

ધારી,તા.૨૦

ધારી તાલુકાના છતડીયા ગામે આવેલી એક વાડીમાંથી અજાણ્યા તસ્કરે રૂપિયા ૪૦,૦૦૦ ની કિંમતના મોટર વાયરની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. છતડીયા રહેતા અને ખેતીકામ કરતા ફરિયાદી ખોડીદાસભાઈ ગભરૂભાઈ કાછડીયા (ઉં.વ. ૪૭) એ તા. ૧૯/૧૧/૨૬ ના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તા. ૧૬/૧૧/૨૦૨૬ ના સવારે ૬:૦૦ વાગ્યાથી તા. ૧૭/૧૧/૨૦૨૬ ના સાંજે ૭:૦૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમની વાડીની ઓરડી બાજુમાં રાખેલો આશરે ૪૦૦ ફૂટ જૂની મોટરનો વાયર (કિંમત રૂ. ૪૦,૦૦૦) ચોરી કરીને લઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાવરકુંડલા સ્વામિનારાયણ મંદિરમાં રજત જયંતી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી

સાવરકુંડલા,તા.૨૦



સાવરકુંડલા સ્થિત સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે મંદિરમાં ઠાકોરજીની ભવ્ય શણગાર આરતી અને છપ્પનભોગ મહાઅન્નકૂટોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ અને સ્વાદિષ્ટ વાનગીઓ સહિતનો છપ્પનભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. ઠાકોરજીના દિવ્ય અને મનમોહક શણગારના દર્શન કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. આરતી અને અન્નકૂટ દર્શન દરમિયાન સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠ્યું હતું. રજત જયંતી મહોત્સવ અંતર્ગત યોજાતા ધાર્મિક કાર્યક્રમોને લઈને સાવરકુંડલા સહિત આસપાસના વિસ્તારોના હરિભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સમગ્ર આયોજનમાં ભક્તિ અને શ્રધ્ધાનો માહોલ છવાયો હતો.

રાજુલાના છતડીયામાં જૂના મનદુઃખમાં વૃદ્ધ પર હુમલો કરી મારી નાખવાની ધમકી

રાજુલા,તા.૨૦

રાજુલા તાલુકાના છતડીયા ગામે જૂની બોલાચાલીનું મનદુઃખ રાખી ૭૦ વર્ષીય વૃધ્ધ પર હુમલો કરાયાની ઘટના બની છે. છતડીયા પ્લોટ વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા ફરિયાદી વલકુભાઈ ભાણભાઈ ડાભીયા (ઉં.વ. ૭૦) એ જસુભાઈ બદરુભાઈ ડાભીયા સામે રાજુલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, એકાદ વર્ષ પહેલાં થયેલી બોલાચાલીમાં ઠપકો આપ્યાનું મનદુઃખ રાખી આરોપીએ સવારે ૧૧ વાગ્યે વડલા નીચે બેઠેલા ફરિયાદી અને સાહેદ અશોકભાઈ ધાખડાની એકદમ નજીક પોતાની કાર **(GJ-06-JQ-3199)** હંકારી હતી. આ અંગે પૂછતા આરોપીએ ઉશ્કેરાઈને પથ્થરનો ઘા કર્યો હતો, જે ચૂકી જતાં પગથી પાટુ મારી વૃધ્ધને નીચે પાડી દીધા હતા. ઉપરાંત ફરિયાદી અને સાહેદ રામકુભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સાવરકુંડલામાં ટ્રાફિકને અડચણરૂપ રીક્ષા અને લારી રાખનાર બે સામે ગુનો

પોલીસે બન્ને સામે ઘોરણસરની કાર્યવાહી કરી

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલા શહેરના ભુવા રોડ પુલ પર જાહેર માર્ગમાં ટ્રાફિકને અડચણ અને જોખમ થાય તે રીતે ફુટ ભરેલી રીક્ષા તથા લારી રાખનાર બે વેપારીઓ સામે સાવરકુંડલા ટાઉન પોલીસે ગુનો નોંધ્યો છે. પોલીસ વિગતો મુજબ, તા. ૧૯/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૩:૩૦ થી ૩:૪૫ વાગ્યા દરમિયાન ભુવા રોડ પુલ પર ફુટ ભરેલી રીક્ષા અડચણરૂપ રાખવા બદલ કાસમભાઈ હસનભાઈ હીંગોરા (ઉં.વ. ૫૫) સામે કાર્યવાહી કરાઈ છે. ત્યારબાદ બપોર દરમિયાન તે જ સ્થળે ફુટ ભરેલી લારી જોખમરૂપ રીતે રાખવા બદલ મુનાભાઈ રવજીભાઈ પરમાર (ઉં.વ. ૩૫) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

અમરેલી શહેરમાં ભારે વાહન પ્રવેશબંધીના ભંગ બદલ ગુનો

અમરેલી,તા.૨૦

અમરેલી શહેરમાં ભારે વાહનોના પ્રવેશ અને અવરજવર પર પ્રતિબંધ મૂકતા જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરી છે. ફરિયાદ મુજબ, સવારે ૬:૦૦ થી રાત્રિના ૧૦:૦૦ વાગ્યા દરમિયાન ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં આરોપી ચાલક મંગાભાઈ કેશુભાઈ મકવાણા (ઉં.વ. ૫૦, રહે. રાજપરા, તા. તળાજા, જિ. ભાવનગર) એ શહેરમાં ભારે વાહન ચલાવી જાહેરનામાનો ભંગ કરતાં પોલીસે ગુનો નોંધ્યો છે.

હનુમાન ખીજડીયામાં માતાએ રસોઈ બાબતે ઠપકો આપતા યુવતીનો આપઘાત

વડિયા,તા.૨૦

વડિયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે માતાના ઠપકાથી લાગી આવતા ૨૭ વર્ષીય યુવતીએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. હનુમાન ખીજડીયા રહેતા અને મજૂરીકામ કરતા ખીમજીભાઈ ચકાભાઈ સાગઠીયા (ઉં.વ. ૬૦) એ વડિયા પોલીસ મથકે આ અંગે જાણ કરી છે.પોલીસ વિગતો મુજબ, માતાએ રસોઈ બાબતે મીઠો ઠપકો આપતા પુત્રી સોનલબેન ખીમજીભાઈ સાગઠીયા (ઉં.વ. ૨૭) ને માઠું લાગી આવ્યું હતું. જેથી તેણીએ ઘરમાં પડેલી ખડમાં છાંટવાની ઝેરી દવા પી લેતા મોત નીપજ્યું હતું. વડિયા પોલીસે **BNSS** કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત (નં. ૪૩/૨૦૨૬) નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



-:: જાહેર નોટીસ ::-

કોડીનારના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૧૪/૨૦૨૬
મુદત તારીખ - ૨૭ / ૧૧ / ૨૦૨૬

અરજદાર :- રામભાઈ હમીરભાઈ લાલકીયા
રહે.મું-ઘાંટવડ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- વી. જી. વાઢેળ,

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,. ઘાંટવડ,ગ્રામ પંચાયત કચેરી
મું-ઘાંટવડ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર રામભાઈ હમીરભાઈ લાલકીયા, રહે.મું-ઘાંટવડ,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ વાળાએ તેમના પિતા સ્વ.હમીરભાઈ ટેગણભાઈ લાલકીયા નુ મૃત્યુ તા. ૨૪/૦૫/૧૯૮૯ ના રોજ -ઘાંટવડ,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૭/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ)
મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ)
કોર્ટનો સિક્કો
હુકમથી સહી (એન.એન.પંડયા) (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર









લીલીયા તાલુકામાં રૂ. ૨.૪૫ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ

લીલીયા,તા.૨૦



લીલીયા તાલુકામાં ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે રૂ. ૨.૪૫ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પીપળવા ગામે રૂ. ૧.૭૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર બ્રિજનું ભૂમિપૂજન કરાયું હતું. ચોમાસા દરમિયાન વરસાદી પાણી અને પૂરના કારણે ગામની અવરજવરમાં પડતી મુશ્કેલીનો બ્રિજ બનવાથી કાયમી ઉકેલ આવશે.

આ ઉપરાંત સનાળીયા, અંટાળીયા અને ભેસવડી ગામમાં નિર્માણ પામેલા ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેથી ગ્રામજનોને ગામમાં જ સરકારી વહીવટી સુવિધાઓ મળી રહેશે. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી, રણજીતભાઈ ખુમાણ સહિતના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજુલામાં પ્રેમસંબંધના મનદુ:ખમાં મારામારી, સામ-સામી ફરિયાદ

પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી શરૂ કરી

રાજુલા ,તા.૨૦

રાજુલાના ઘાંચીવાડ વિસ્તારમાં પ્રેમસંબંધના જૂના મનદુ:ખને લઈને મારામારી અને જાનથી મારી નાખવાના પ્રયાસની ગંભીર ઘટના સામે આવી છે. તા. ૧૯/૧૧/૨૬ ના રોજ સાંજે ૫:૪૫ વાગ્યે બનેલી આ ઘટના અંગે રાજુલા, ઘાંચીવાડ, તજનાશા પીરની દરગાહ નીચે રહેતા અને ટ્રક લે-વેચનો ધંધો કરતા ફરિયાદી અફજલભાઈ રજાકભાઈ ભોંકીયા (ઉં.વ. ૩૭) એ પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, ફરિયાદીના પત્ની શહેનાજબેન સાથે આરોપી અલ્ફાજ પાયકને પ્રેમસંબંધ હોવાથી અગાઉ સમજાવટ કરાઈ હતી, પરંતુ તે ન સમજતા બોલચાલ બંધ હતી. તેનું મનદુ:ખ રાખી અલ્ફાજ પાયક અને આમદ પાયકે સાહેદ ઈરફાનભાઈ ભોંકીયાને ગાળો આપી, માર મારી માથામાં પાઈપનો ઘા માર્યો હતો તથા તેમની સ્વીફ્ટ ડિઝાયર કાર નો પાછળનો કાચ તોડી નુકસાન કર્યું હતું. બાદમાં ઈકબાલ ચોકીયા, સાજીદ પાયક અને મુસ્તુફા કાળવાતરે મોટરસાઈકલ પર આવી લાકડા વડે હુમલો કર્યો હતો, જેમાં ઈકબાલે ફરિયાદીના માથામાં ઘોડિયાના લાકડાનો ઘા મારતા ૧૦ ટાંકા આવ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તો સામા પક્ષે તજાનશા પીરની દરગાહ પાસે રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ફરિયાદી આમદભાઈ જમાલભાઈ પાયક (ઉં.વ. ૫૨) એ બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, ફરિયાદીના ભત્રીજા અલ્ફાજ પાયકને આરોપી અફજલ ભોંકીયાના પત્ની શહેનાજબેન સાથે પ્રેમસંબંધ હોવાની શંકા અને મનદુ:ખ રાખી આરોપી ઈરફાન ભોંકીયાએ ફરિયાદી તથા અલ્ફાજને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ અફજલ ભોંકીયાએ લાકડા વડે ફરિયાદીના માથામાં ઘા મારી ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બોર્ડની પરીક્ષાના ડર અને મૂંઝવણ દૂર કરવા અમરેલીમાં માર્ગદર્શક ટીમની રચના

અમરેલી, તા. ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬માં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષાને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા માર્ગદર્શક ટીમની રચના કરવામાં આવી છે. પરીક્ષાર્થીઓના મનમાંથી પરીક્ષાનો ડર દૂર કરવા અને તેમની મૂંઝવણોનું નિરાકરણ લાવવા વિવિધ શાળાના આચાર્યો અને નિષ્ણાત શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમ ૨૧ નવેમ્બરથી ૯ ડિસેમ્બર સુધી દરરોજ સવારે ૧૧થી સાંજે ૬ વાગ્યા સુધી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. જિલ્લા શિક્ષણ અધિકારીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે.

બાબરાના વાંકીયામાં રસ્તો બંધ કરવા મુદ્દે મહિલા પર પથ્થરમારો

ઘર તરફ જવાના માર્ગે બેલાની દીવાલ ચણી દીધા બાદ સમજાવવા જતાં ચાર શખ્સોનો હુમલો

બાબરા,તા.૨૦

બાબરા તાલુકાના વાંકીયા ગામે ઘર તરફ જવાના રસ્તા પર દીવાલ ચણી રસ્તો બંધ કરવા બાબતે થયેલી તકરારમાં મહિલા પર પથ્થરમારો કરાયાની ઘટના બની છે. વાંકીયા પ્લોટ વિસ્તારમાં રહેતા અને મજૂરીકામ કરતા ફરિયાદી ગીતાબેન ભાવેશભાઈ મકવાણા (ઉં.વ. ૩૨) એ તા. ૧૯/૧૧/૨૬ ના સાંજે ૬:૪૦ વાગ્યે ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, આરોપીઓ અજયભાઈ મંડીર, અનિશાબેન મંડીર, હેતલબેન મંડીર અને શૈલેષભાઈ મંડીરે ફરિયાદીના ઘરે જવાના રસ્તે બેલાની દીવાલ ચણી માર્ગ બંધ કરી દીધો હતો. અવારનવાર સમજાવવા છતાં રસ્તો ન ખોલતા અને તેનું મનદુ:ખ રાખી આરોપીઓએ ગીતાબેન તથા તેમના પતિને બિભત્સ ગાળો આપી હતી. ઉપરાંત બેલાના પથ્થરના છૂટા ઘા કરતાં ફરિયાદીને જમણા પગે મૂઢ ઈજા અને જમણા હાથની બે આંગળીમાં ફ્રેક્ચર થયું હતું, તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

એન્ટિબાયોટિક્સનો બિનજરૂરી ઉપયોગ આરોગ્ય માટે જોખમી

અમરેલી, તા. ૨૦

એન્ટીમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR)ની વધતી સમસ્યાને ધ્યાનમાં રાખીને અમરેલી આરોગ્ય વિભાગ દ્વારા લોકોને એન્ટિબાયોટિક્સનો બિનજરૂરી ઉપયોગ નહીં કરવા અપીલ કરવામાં આવી છે. સામાન્ય તાવ, શરદી અને ઉધરસમાં ડૉક્ટરની સલાહ વગર એન્ટિબાયોટિક દવાઓ લેવાનું ચલણ વધી રહ્યું છે. જેના કારણે રોગના જંતુઓ દવાઓ સામે વધુ શક્તિશાળી બની રહ્યા છે અને સામાન્ય ચેપ પણ ગંભીર બની શકે છે. આરોગ્ય વિભાગે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર દવા નહીં લેવા, દવાનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવા તથા બચેલી દવા અન્યને નહીં આપવાની સલાહ આપી છે. સાથે સ્વચ્છતા અને રસીકરણનું મહત્વ સમજાવ્યું છે.

કુંકાવાવના વતની અને ગાવકડા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ પિયુષભાઈ જોટાણિયાએ પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કરી

અમરેલી,તા.૨૦



અમરેલી જિલ્લાના કુંકાવાવના વતની અને ગાવકડા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ પિયુષભાઈ જોટાણિયાએ આઈઆઈટી ગાંધીનગર ખાતેથી 'એજ્યુકેશન ટેક્નોલોજી' વિષયમાં સંશોધન પૂર્ણ કરી પીએચડીની ડિગ્રી હાંસલ કરી છે. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમને ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષકનો રાજ્યપાલ એવોડ' એનાયત થયો છે, તેમજ પ્રતિભાશાળી શિક્ષક, સાંદીપનિ ગુરુગૌરવ અને રામાનુજન શ્રેષ્ઠ શિક્ષક જેવા પ્રતિષ્ઠિત સન્માનો પણ મળ્યા છે. આ ઉપરાંત તેમણે રાજ્યના પાઠ્યપુસ્તકો, શિક્ષક મોડ્યુલ અને સંદર્ભ સાહિત્યના લેખનમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમના સંશોધન લેખો રાષ્ટ્રીય સ્તરે પ્રકાશિત થયા છે અને તેમનો બાળવાર્તા સંગ્રહ 'ઢીંગલી રે ઢીંગલી' પણ વાચકોમાં અત્યંત લોકપ્રિય બન્યો છે.

અમરેલીમાં ૨૫ નવે. સિનિયર સિટીઝન રમતોત્સવ યોજાશે

અમરેલી, તા. ૨૦

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ અને બહેનો માટે સિનિયર સિટીઝન રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં આગામી ૨૫ નવેમ્બરના રોજ સવારે ૮ કલાકે ચિત્તલ રોડ પર ગોળ હોસ્પિટલ પાસે આવેલા સરદાર પટેલ રમત સંકુલ ખાતે સ્પર્ધાઓ યોજાશે. જેમાં એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ટેનિસ બૉલ ક્રિકેટ સહિતની સાત રમતો યોજાશે. ભાગ લેવા ઇચ્છુક ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલીનો સંપર્ક કરવા અથવા ૦૨૭૯૨-૨૯૯૦૬૧ નંબર પર જાણકારી મેળવવા જણાવાયું છે.

રાજુલાના યુવાન સાથે ૧૨ હજારનો સાયબર ફ્રોડ, રાજસ્થાનના શખ્સ સામે ફરિયાદ

રાજુલા,તા. ૨૦

રાજુલાના કડીયાળી પ્લોટ વિસ્તારમાં રહેતા અને હીરા ઘસવાનો વ્યવસાય કરતા ૨૨ વર્ષીય યુવાન સાથે રૂપિયા ૧૨,૦૦૦ ની સાયબર છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. ફરિયાદી હરેશભાઈ મગનભાઈ ગુજરીયા (ઉં.વ. ૨૨) એ તા. ૧૯/૧૧/૨૬ ના રોજ સાંજે ૭:૦૦ વાગ્યે રાજસ્થાનના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તા. ૦૮/૧૧/૨૬ ના સવારે ૧૦:૦૯ વાગ્યે કોઈ અજાણ્યા માધ્યમથી ફરિયાદીનો મોબાઈલ અને વોટ્સએપ હેક કરી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપી અજય પ્રકાશ ગુર્જર (રહે. હરીહર નગર, રામપુરા ડાબરી, જયપુર, રાજસ્થાન) ના ઈન્ડિયન ઓવરસીઝ બેંકના ખાતામાં (નં. ૧૬૯૩૦૧૦૦૦૦૧૩૦૮૧, IFSC: IOBA૦૦૦૧૬૯૩) ફરિયાદીની જાણ બહાર અને ઓટીપી વિના જ બેંક ઓફ બરોડાના ખાતા (નં. ૯૫૫૬૦૧૦૦૦૨૧૧૪૩) માંથી રૂ. ૧૨,૦૦૦ ટ્રાન્સફર કરી છેતરપિંડી કરવામાં આવી હતી.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: બારસ, તેરસ
તા.૨૧-૧૧-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૭:૦૧,
સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેંવતી, અશ્વીની

દૈનિક રાશિફળ

તા.૨૧-૧૧-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો.

વૃષભ: આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે.

કર્ક: તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે ફળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

અમરેલી જિલ્લામાં અકસ્માતનો સીલસીલો યથાવત

ખાંભાના ખારી ખેરાળી પાસે નંબર પ્લેટ વગરની કારની ટક્કરમાં બાળકનું મોત

બાઈકચાલકને ગંભીર ઈજા થવાથી તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો, કાર ચાલક ફરાર

ખાંભા,તા.૨૦

ખાંભા તાલુકાના ખારી ખેરાળી ગામ નજીક પૂરઝડપે અને બેફિકરાઈથી હંકારવામાં આવેલી નંબર પ્લેટ વગરની કારની ટક્કરમાં માસૂમ પૌત્રનું મોત નીપજ્યું છે, જ્યારે પુત્રને ગંભીર ઈજા પહોંચી છે. હનુમાનપુર રહેતા અને મજૂરીકામ કરતા ફરિયાદી ધનાભાઈ શામજીભાઈ વાઘેલા (ઉં.વ. ૪૮) એ અજાણ્યા કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, તા. ૧૮/૧૧/૨૦૨૬ ના સાંજે ફરિયાદીના પુત્ર ઘનશ્યામભાઈ, પુત્રવધૂ પાયલબેન, પૌત્ર દેવ અને સાળા દિનેશભાઈ બાઈક પર વડાલથી હનુમાનપુર આવી રહ્યા હતા. ખારી ખેરાળી ગામની વચ્ચે પહોંચતા સામેથી આવતી નંબર પ્લેટ વગરની કારના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં પૌત્ર દેવને માથામાં ગંભીર ઈજા થતાં તેનું મોત નિપજ્યું હતું, જ્યારે ઘનશ્યામભાઈને ગંભીર ઈજા થઈ હતી. ચાલક કાર લઈ નાસી છૂટ્યો હતો.

બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં ખેડૂતોને સાવચેત રહેવા અપીલ

અમરેલી, તા. ૨૦

શિયાળુ સીઝન દરમિયાન અમરેલી જિલ્લાના ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેડૂતોએ માત્ર લાયસન્સ ધરાવતા અધિકૃત વિક્રેતાઓ, સહકારી મંડળીઓ અને સરકારી સંસ્થાઓ પાસેથી જ ખરીદી કરવી જોઈએ. ખરીદી સમયે વેપારીની વિગતો, લોટ નંબર અને અન્ય જરૂરી માહિતી સાથેનું સહીવાળું પાકું બિલ અવશ્ય મેળવવું. મુદત પૂરી થયેલા ઈનપુટ્સની ખરીદી ટાળવી અને વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ ઉપયોગ કરવો. અનધિકૃત વેચાણ જણાય તો તાલુકા ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામકનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

અમરેલી જિલ્લામાં પોલીસે નશાની હાલતમાં ફરતા ૧૨ શખ્સો ઝડપ્યા

ધારી, અમરેલી સિટી, દુંગર, જાફરાબાદ અને વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસે હાથ ધરેલી ઝુંબેશ દરમિયાન તા. ૧૯/૧૧/૨૦૨૬ ના રોજ અલગ-અલગ વિસ્તારોમાંથી નશાની હાલતમાં જાહેરમાં ફરતા કુલ ૧૨ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસની વિગતો મુજબ, સૌથી વધુ ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૪ શખ્સો કીર્તીભાઈ ડાભી, રમેશભાઈ વાઘેલા, નાનુમલભાઈ વાઘવાણી અને પંકજભાઈ ઠાકોર તથા અમરેલી સિટી વિસ્તારમાં ૩ શખ્સો અફજલભાઈ ઉર્ફે ડેની મુકાતી, રફિકભાઈ ઉર્ફે શક્તિ માંડલીયા અને મનોજભાઈ ઉર્ફે બોતેર ચારોલા પકડાયા હતા. આ ઉપરાંત ડુંગર વિસ્તારમાં રાજુભાઈ ગુજરીયા અને મુકેશભાઈ ગુજરીયા, જાફરાબાદ ટાઉનમાં સોમાતભાઈ ચૌહાણ અને મોહનભાઈ મકવાણાતેમજ વંડા વિસ્તારમાં દોલાભાઈ ખરોચી મળી કુલ ૧૨ આરોપીઓ સામે પ્રોહિબિશન કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

અમરેલી-કુંકાવાવ રોડ પર ટેન્કરની ટક્કરથી બાઈક સવાર યુવાનને ગંભીર ઈજા

જમણી બાજુનું સિગ્નલ આપી ટેન્કર ચાલકે અચાનક ડાબી બાજુ વાળતા સર્જાયો અકસ્માત

અમરેલી,તા.૨૦

અમરેલી-કુંકાવાવ રોડ પર ટેન્કર ચાલકની બેદરકારીના કારણે બાઈક સવાર યુવાનને ગંભીર ઈજા પહોંચી હોવાની ઘટના સામે આવી છે. બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે રહેતા અને ખેતીકામ કરતા ફરિયાદી હરેશભાઈ બધાભાઈ માધડ (ઉં.વ. ૪૬) એ તા. ૧૯/૧૧/૨૬ ના સાંજે ૬:૪૦ વાગ્યે ટેન્કર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, ફરિયાદીનો પુત્ર તેના મિત્ર સાથે બાઈક લઈને કુંકાવાવ રોડ તરફ પેટ્રોલ પુરાવવા જતો હતો. ઈંટોના ભઠ્ઠા પાસે પહોંચતા આગળ જતા ટેન્કર (રજી. નં. GJ-૧૪-Z-૯૨૨૪) ના ચાલકે જમણી બાજુ વળવાનું સિગ્નલ આપ્યું હતું. જેથી યુવાને ડાબી બાજુથી પસાર થવાનો પ્રયાસ કરતાં ટેન્કર ચાલકે બેફિકરાઈ અને પૂરઝડપે વાહન અચાનક ડાબી તરફ વાળી બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં યુવાનને જમણા પગના સાથળ અને બેઠકના ભાગે ઓપરેશન કરવું પડે તેવી ગંભીર ઈજા થઈ હતી.

તંત્રી લેખ

બાંગ્લાદેશની વર્તમાન રાજકીય સમસ્યા

બાંગ્લાદેશ ફરી એકવાર રાજકીય અસ્થિરતા અને હિંસાના ગંભીર વળાંક પર આવીને ઊભું છે. પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને મોતની સજા સંભળાવવામાં આવી તેની વરસી નિમિત્તે તેમની પાર્ટી અવામી લીગે દેશવ્યાપી લોકડાઉનનું એલાન આપતાં જ દેશમાં તંગદિલી વધી હતી. બુધવારથી શરૂ થયેલા લોકડાઉન દરમિયાન ગુરુવારે વહેલી સવારથી હિંસક ઘટનાઓમાં વધારો થયો હતો. રાજધાની ઢાકામાં દેશી બોમ્બના ધડાકા થયા હતા, જ્યારે અનેક સ્થળોએ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. દેશના ૬૪માંથી ૨૮ જિલ્લામાં હિંસાની ઘટનાઓ નોંધાઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. માત્ર બે દિવસમાં ચાર લોકોનાં મોત થતાં સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ચટગાંવમાં પૂર્વ વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસના પૈતૃક નિવાસસ્થાને આગચંપી કરવામાં આવતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. આ ઉપરાંત ગ્રામીણ બેંકની શાખાઓ પર પણ હુમલાઓ કરવામાં આવ્યા હતા. રાજકીય વિરોધના નામે કોઈના ઘર કે જાહેર મિલકતને નુકસાન પહોંચાડવું લોકશાહીનો માર્ગ નથી, પરંતુ કાયદો અને વ્યવસ્થાને પડકારતી ગુનાહિત પ્રવૃત્તિ છે. બાંગ્લાદેશના રાજકીય ઈતિહાસમાં સત્તા પરિવર્તન બાદ બદલાની રાજનીતિ જોવા મળી છે. એક પક્ષ બીજા પક્ષને રાજકીય રીતે ખતમ કરવાની કોશિશ કરે છે ત્યારે સૌથી મોટું નુકસાન દેશની એકતા, વિકાસ અને લોકશાહી વ્યવસ્થાને થાય છે. હિંસાને કાબૂમાં લેવા સરકારે સાત સંવેદનશીલ જિલ્લાઓમાં બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશની ૯૬ પ્લાટૂન તૈનાત કરી છે. અવામી લીગનો ગઢ ગણાતા ગોપાલગંજમાં જ ૨૭ પ્લાટૂન તૈનાત કરવામાં આવી છે. અંદાજે ત્રણ હજાર સુરક્ષાકર્મીઓ રસ્તા પર ઉતારવામાં આવ્યા છે. ડ્રોન અને બોડી વોર્ન કેમેરા દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે. ઢાકામાં પોલીસે ૫૩૭થી વધુ લોકોની ધરપકડ કરી છે, જેમાં પૂર્વ શિક્ષણમંત્રી નુરુલ ઈસ્લામ નાહિદનો પણ સમાવેશ થાય છે. આટલી મોટી સુરક્ષા વ્યવસ્થા છતાં હિંસાની ઘટનાઓ ચાલુ રહેવી એ દર્શાવે છે કે માત્ર પોલીસ અને સુરક્ષા દળોના બળથી શાંતિ સ્થાપી શકાતી નથી. તેના માટે જનતામાં વિશ્વાસ ઊભો કરવો પણ એટલો જ જરૂરી છે. આ સમગ્ર સંકટ પાછળ રાજકીય મતભેદો અને સત્તા સંઘર્ષ મુખ્ય કારણ બની રહ્યા છે. અવામી લીગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેની નેતા શેખ હસીનાને ગેરહાજરીમાં મોતની સજા સંભળાવવામાં આવી છે. પરિણામે પક્ષના સમર્થકો પોતાને લોકશાહી પ્રક્રિયાથી દૂર કરવામાં આવ્યા હોવાનું માને છે. બીજી તરફ સરકાર અવામી લીગ પર અગાઉ દમનકારી શાસન ચલાવવાનો અને ફરી અશાંતિ ફેલાવવાનો આરોપ મૂકી રહી છે. બંને પક્ષો વચ્ચેના આ સંઘર્ષમાં સામાન્ય નાગરિકોની જિંદગી મુશ્કેલીમાં મુકાઈ છે. શાળાઓ, વેપારધંધા, રોજગાર અને પરિવહન વ્યવસ્થા પર પણ તેની અસર પડી રહી છે. પહેલેથી આર્થિક પડકારોનો સામનો કરી રહેલા દેશ માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક છે. લોકશાહીમાં દરેક રાજકીય પક્ષને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ વિરોધના નામે બોમ્બધડાકા, આગચંપી અને નિર્દોષ નાગરિકોમાં ભય ફેલાવવો કોઈપણ સંજોગોમાં યોગ્ય નથી. તેવી જ રીતે કોઈ રાજકીય પક્ષને સંપૂર્ણપણે ખતમ કરવાની માનસિકતા પણ લોકશાહી માટે જોખમી છે. હારેલા પક્ષને પોતાની વાત રજૂ કરવાની તક મળવી જોઈએ અને સત્તામાં રહેલા પક્ષે બદલાની ભાવનાથી દૂર રહીને ન્યાયપૂર્ણ વલણ અપનાવવું જોઈએ. બાંગ્લાદેશ ભારતનો પાડોશી દેશ હોવાથી ત્યાંની અશાંતિની અસર ભારતની સુરક્ષા અને સરહદી વિસ્તારો પર પણ પડી શકે છે. પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરા જેવા રાજ્યો માટે આ સ્થિતિ વિશેષ મહત્ત્વ ધરાવે છે.

કાર્તિક પૂર્ણિમાનો દિવ્ય ઉત્સવ દેવ દિવાળી એટલે શિવપરાક્રમ અને તુલસી-શાલિગ્રામનો પવિત્ર સંબંધ




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

હિન્દુ ધર્મમાં દિવાળીનો તહેવાર પ્રકાશ, આનંદ અને આસ્થાનું પ્રતીક છે. સામાન્ય રીતે મનુષ્યો દિવાળીનો તહેવાર ભગવાન શ્રીરામના અયોધ્યા આગમનની ખુશીમાં ઉજવે છે, જ્યારે દેવ દિવાળી દેવતાઓના દીપોત્સવ અને ભગવાન શિવના પરાક્રમની યાદમાં ઉજવવામાં આવે છે. કાર્તિક માસની પૂર્ણિમાના દિવસે આવતો આ પવિત્ર તહેવાર ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દિવસે દીપદાન, ગંગાસ્નાન, ભગવાન શિવની આરાધના અને તુલસી વિવાહ જેવી ધાર્મિક પરંપરાઓનું વિશેષ મહત્ત્વ છે. દેવ દિવાળી માત્ર દીવાઓ પ્રગટાવવાનો ઉત્સવ નથી, પરંતુ અધર્મ પર ધર્મ, અંધકાર પર પ્રકાશ અને અસત્ય પર સત્યના વિજયનો સંદેશ આપતો પર્વ પણ છે. હિન્દુ પંચાંગ અનુસાર કાર્તિક માસને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. આ સમગ્ર માસ દરમિયાન સ્નાન, દાન, જપ, તપ અને દીપદાનનું વિશેષ મહત્ત્વ રહેલું છે. ખાસ કરીને કાર્તિક પૂર્ણિમાનો દિવસ આ ધાર્મિક પરંપરાઓની પૂર્ણાહુતિનો દિવસ માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે. વહેલી સવારે ભક્તો નદી કે સરોવરમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરે છે. સાંજના સમયે ઘરો, મંદિરો અને નદીના કિનારે દીવા પ્રગટાવવામાં આવે છે. ભગવાન શિવની આરાધના કરીને ભક્તો સુખ, શાંતિ અને સમૃધ્ધિની પ્રાર્થના કરે છે. દેવ દિવાળી શબ્દનો અર્થ દેવતાઓની દિવાળી એવો થાય છે. પૌરાણિક માન્યતા અનુસાર કાર્તિક પૂર્ણિમાના દિવસે દેવતાઓ ધરતી પર અવતરીને પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરે છે અને દીપ પ્રગટાવીને ઉત્સવ મનાવે છે. આથી આ દિવસ દેવતાઓની દિવાળી તરીકે ઓળખાય છે. તેને દેવ દીપાવલી અને ત્રિપુરારી પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસ ભગવાન શિવના ત્રિપુરાસુર પરના વિજય સાથે જોડાયેલો હોવાથી શિવભક્તો માટે પણ તેનું વિશેષ મહત્ત્વ છે. દેવ દિવાળીની ઉજવણી પાછળ ભગવાન શિવના પરાક્રમની એક પ્રસિધ્ધ પૌરાણિક કથા જોડાયેલી છે. પૌરાણિક માન્યતા અનુસાર તારકાસુરના ત્રણ પુત્રોએ કઠોર તપસ્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા હતા. તેમણે એવું વરદાન મેળવ્યું હતું કે તેમના ત્રણ નગરો એક જ સીધી રેખામાં આવે ત્યારે જ તેમનો સંહાર શક્ય બને. આ ત્રણ નગરો સોના, ચાંદી અને લોખંડથી બનાવવામાં આવ્યાં હતાં. આ નગરોને ત્રિપુર તરીકે ઓળખવામાં આવતાં હતાં અને તેના શાસકો ત્રિપુરાસુર તરીકે પ્રખ્યાત થયા હતા. વરદાન મળ્યા બાદ ત્રિપુરાસુરે પોતાની શક્તિનો દુરુપયોગ શરૂ કર્યો. તેણે દેવતાઓ અને ઋષિમુનિઓ પર અત્યાચાર શરૂ કર્યા. ત્રિપુરાસુરના ત્રાસથી ત્રસ્ત દેવતાઓએ ભગવાન શિવને પ્રાર્થના કરી અને તેમની પાસે રક્ષણની માંગણી કરી. દેવતાઓની પ્રાર્થના સાંભળીને ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કરવાનો સંકલ્પ કર્યો. ભગવાન શિવ જાણતા હતા કે ત્રણેય નગરો એક જ સીધી રેખામાં આવે ત્યારે જ તેનો નાશ કરી શકાય છે. યોગ્ય સમયની રાહ જોતા ભગવાન શિવે કાર્તિક પૂર્ણિમાના દિવસે ત્રણેય નગરો એક જ રેખામાં આવતાં એક જ બાણ છોડ્યું હતું. તેમના એક જ બાણથી ત્રણેય નગરોનો નાશ થયો અને ત્રિપુરાસુરનો અંત આવ્યો. આ વિજયને કારણે ભગવાન શિવને ત્રિપુરારી નામથી ઓળખવામાં આવ્યા. આ ઘટના અધર્મ અને અહંકાર સામે ધર્મ તથા સત્યના વિજયનું પ્રતીક બની. ત્રિપુરાસુરના વધ બાદ દેવતાઓએ આનંદ અને ઉત્સાહ સાથે ભગવાન શિવના વિજયની ઉજવણી કરી હતી. પૌરાણિક માન્યતા અનુસાર દેવતાઓએ કાશીમાં ગંગાના કિનારે લાખો દીવા પ્રગટાવીને દીપોત્સવ મનાવ્યો હતો. ત્યારથી કાર્તિક પૂર્ણિમાના દિવસે દેવ દિવાળી ઉજવવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. આ દિવસે ભગવાન શિવની વિશેષ પૂજા કરવામાં આવે છે અને ભક્તો દીપદાન કરીને જીવનમાંથી નકારાત્મકતા દૂર થાય તેવી પ્રાર્થના કરે છે. દેવ દિવાળીની સૌથી ભવ્ય ઉજવણી ઉત્તર પ્રદેશના વારાણસી એટલે કે કાશીમાં જોવા મળે છે. અહીં ગંગા નદીના કિનારે આવેલા દશાશ્વમેધ ઘાટ, અસ્સી ઘાટ સહિતના અનેક ઘાટોને લાખો દીવાઓથી શણગારવામાં આવે છે. વહેલી સવારે ભક્તો ગંગાસ્નાન કરે છે અને સાંજે દીપદાન માટે મોટી સંખ્યામાં લોકો ઘાટો પર એકત્રિત થાય છે. ગંગા આરતી, શંખનાદ, ઘંટનાદ અને મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. ઘાટોની સીડીઓ, મંદિરો અને આસપાસનાં મકાનો દીવાઓ તથા રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠે છે. આ અદભુત દૃશ્ય નિહાળવા દેશ-વિદેશમાંથી હજારો પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓ કાશી પહોંચે છે. દેવ દિવાળી કાશીની ધાર્મિક ઓળખ અને સાંસ્કૃતિક વારસાનું મહત્ત્વપૂર્ણ પ્રતીક બની ગઈ છે. દેવ દિવાળી સાથે તુલસી વિવાહની પરંપરાનું પણ વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. કાર્તિક માસમાં તુલસી વિવાહનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે તુલસીના છોડનાં લગ્ન ભગવાન વિષ્ણુના શાલિગ્રામ સ્વરૂપ સાથે કરાવવામાં આવે છે. શાલિગ્રામને ભગવાન વિષ્ણુનું પ્રતીક માનવામાં આવે છે. તુલસી વિવાહને હિન્દુ ધર્મમાં કન્યાદાન જેટલું પવિત્ર કાર્ય માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર જે ઘરમાં તુલસી વિવાહનું આયોજન થાય છે ત્યાં સુખ, સમૃધ્ધિ અને શાંતિનું આગમન થાય છે. તુલસી વિવાહ પાછળ વૃંદા અને જલંધરની પૌરાણિક કથા જોડાયેલી છે. કથાઓ અનુસાર વૃંદા જલંધર નામના અસુરની પત્ની હતી. તે અત્યંત પતિવ્રતા અને ધર્મપરાયણ સ્ત્રી હતી. તેના સતીત્વના પ્રભાવને કારણે જલંધરને પરાજિત કરવો દેવતાઓ માટે મુશ્કેલ બન્યો હતો. જલંધરના અત્યાચારથી પરેશાન દેવતાઓએ ભગવાન વિષ્ણુની મદદ માંગી હતી. જલંધરનો વધ કરવા માટે ભગવાન વિષ્ણુએ જલંધરનું રૂપ ધારણ કર્યું હતું. વૃંદાએ તેમને પોતાના પતિ સમજી લીધા અને તેના સતીત્વનો ભંગ થતાં જલંધરની શક્તિ નબળી પડી હતી. ત્યારબાદ ભગવાન શિવે જલંધરનો વધ કર્યો હતો. જ્યારે વૃંદાને ભગવાન વિષ્ણુની યુક્તિની જાણ થઈ ત્યારે તેણે તેમને પથ્થર બની જવાનો શ્રાપ આપ્યો હતો. આ શ્રાપના પરિણામે ભગવાન વિષ્ણુ શાલિગ્રામ સ્વરૂપે પૂજાવા લાગ્યા. ત્યારબાદ ભગવાન વિષ્ણુએ વૃંદાને તુલસીના છોડ તરીકે પૂજાવાનું વરદાન આપ્યું હતું. ભગવાને એવું પણ વચન આપ્યું હતું કે તુલસી વિના તેમની પૂજા અધૂરી ગણાશે. આ રીતે તુલસી અને શાલિગ્રામના વિવાહની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. તુલસી વિવાહના દિવસે ઘરમાં તુલસીના ક્યારાને સુંદર રીતે શણગારવામાં આવે છે. આસપાસ રંગોળી કરવામાં આવે છે અને દીવાઓ પ્રગટાવવામાં આવે છે. તુલસીના છોડને વસ્ત્રો, ફૂલો અને આભૂષણોથી શણગારવામાં આવે છે. ત્યારબાદ શાલિગ્રામ સાથે લગ્નની પરંપરાગત વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે ભજન, કીર્તન, મંત્રોચ્ચાર અને પ્રસાદ વિતરણનું આયોજન થાય છે. ભક્તો તુલસી વિવાહ કરીને પરિવારના સુખ, સમૃદ્ધિ અને દાંપત્ય જીવનમાં શાંતિ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરે છે. દેવ દિવાળીનું મહત્ત્વ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતું મર્યાદિત નથી. આ પર્વ માનવજીવનને અનેક મૂલ્યવાન સંદેશ આપે છે. દીવો પ્રગટાવવો એ અજ્ઞાનના અંધકારને દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું પ્રતીક છે. ભગવાન શિવ દ્વારા ત્રિપુરાસુરનો સંહાર અહંકાર, અન્યાય અને અધર્મ પર સત્યના વિજયનો સંદેશ આપે છે. તુલસી વિવાહ ભક્તિ, સમર્પણ, પવિત્રતા અને વચનપાલનનું મહત્ત્વ સમજાવે છે. આજના સમયમાં જ્યારે માનવી અનેક પ્રકારની મુશ્કેલીઓ, તણાવ અને નકારાત્મકતાનો સામનો કરી રહ્યો છે ત્યારે દેવ દિવાળી જેવા પર્વો જીવનમાં સંયમ અને સકારાત્મકતાનો સંચાર કરે છે. કાશીના ઘાટો પર ઝળહળતા લાખો દીવા આપણને એ જ સંદેશ આપે છે કે અંધકાર ગમે તેટલો ગાઢ હોય, પરંતુ એક નાનકડો દીવો પણ પ્રકાશ ફેલાવવાની શક્તિ ધરાવે છે. આમ, દેવ દિવાળી આસ્થા, સંસ્કૃતિ, પરંપરા નો અનોખો સંગમ બનીને ભારતીય સંસ્કૃતિમાં પોતાનું સ્થાન ધરાવે છે.

શરદ ઋતુના અંતે જ્યારે આકાશ વધુ નિર્મળ બની જાય છે અને ગંગાના ઘાટો પર સાંજની હવામાં દીવાની જ્યોત ધીમે ધીમે જાગે છે, ત્યારે કાશીમાં એક અલૌકિક ઉત્સવની શરૂઆત થાય છે. કાર્તિક માસની પૂર્ણિમાના દિવસે લાખો દીવા પ્રગટાવીને દેવતાઓના વિજયની ઉજવણી કરવામાં આવે છે. આ પર્વ 'દેવ દિવાળી' તરીકે ઓળખાય છે.

શબ્દ સંજોગ-૨૨૯૮



આડી ચાવી :
(૧) બાર જ્યોતિર્લિંગોમાંનુ એક (૪)
(૪) ડાળી,વિભાગ (૨)
(૭) એક વૃક્ષ (૨)
(૮) ભાર ભરવાનું વાહન (૪)
(૯) મોકો,અનુકૂળ વખત (૨)
(૧૧) પતંગ (૪)
(૧૩) હંમેશા...નો જ જય થાય છે.(૨)
(૧૪) અગાઉ થઈ ગયેલુ (૨)
(૧૫) ખ્રિસ્તી શક સંવત (૨)
(૧૬) રાજનીતિના ચાર ઉપાયોમાંનો એક (૨)
(૧૭) કામ, કારણ (૨)
(૧૮) રસ્તો, રીત (૨)
(૧૯) દાવો, અધિકાર (૨)
(૨૧) તદ્દન, બિલકુલ (૨)
(૨૩) ...મટી એટલે વૈદ વેરી (૩)
(૨૫) આશ્ચર્ય, નવાઈ (૩)
(૨૭) ડાબુ (૨)
(૨૮) તાવીજ, બખતર (૩)
(૩૦) સાર, સત્વ (૪)
(૩૧) રંગબેરંગી, તહેવાર (૪)

ઉભી ચાવી :
(૧) ...તેરી અસર (૨)
(૨) હોડી (૨)
(૩) બીક, ધ્રુજારી (૩)
(૪) શાકભાજી મિક્ષ થયા છે. (૪)
(૫) વહાણ ચલાવનારો (૩)
(૬) ભંડાર, નિધિ (૨)
(૧૦) શપથ, સોગંધ (૩)
(૧૨) બંદગી (૩)
(૧૫) અચાનક, એકદમ (૩)
(૧૬) એક રાગ(૩)
(૧૭) કાગડો(૨)
(૧૯) મક્કાની જાત્રા (૨)
(૨૦) એક તોલ (૨)
(૨૨) હિલચાલ , આંદોલન (પર્યાય આ-અ) (૪)
(૨૪) અજામ, પરિણામ (૩)
(૨૫) સોનુ (૨)
(૨૬) કાચ કે ધાતુની ચાર ખૂણાવાળી ચક્તી (૩)
(૨૭) મુકામ, વસવાટ (૨)
(૨૯) પક્ષ, તરફેણ (૨)

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૭૦	૧૮૮૫
ઘઉં લોકવન	૫૭૯	૬૬૫
ઘઉં ટુકડા	૫૮૦	૭૧૪
જુવાર સફેદ	૧૧૦૦	૧૭૮૦
જુવાર લાલ	૪૫૦	૬૦૦
બાજરી	૫૪૧	૬૧૧
મકાઇ	૫૦૦	૬૩૦
તુવેર	૧૩૩૬	૨૧૦૦
ચણા પીળા	૧૪૫૦	૧૫૨૦
ચણા સફેદ	૧૬૮૦	૨૪૦૦
અડદ	૧૫૦૨	૨૦૩૪
મગ	૧૨૮૫	૧૮૭૫
ચોળી	૧૦૦૦	૨૦૩૫
વટાણા	૪૫૪	૧૧૧૪
કળથી	૭૨૭	૧૫૦૫
રાજમા	૧૮૨૦	૨૩૨૩
સીંગદાણા	૧૮૮૦	૨૧૦૦
મગફળી જાડી	૧૨૩૦	૧૭૩૫
મગફળી જીણી	૧૨૫૦	૧૭૮૫
તલી	૨૯૭૦	૩૪૭૦
એરંડા	૧૪૮૩	૧૫૬૪
અજમો	૨૪૦૦	૩૯૩૩
સોયાબીન	૧૩૫૦	૧૫૩૦
સીંગફાડા	૧૬૨૦	૧૯૮૦
કાળા તલ	૨૬૦૦	૪૧૫૦
લસણ	૧૨૫૪	૨૫૫૪
ધાણા	૨૮૫૨	૩૧૦૦
મરચા સુકા	૩૦૫૦	૫૩૨૫
ધાણી	૨૯૦૦	૩૩૩૫
વરીયાળી	૨૨૦૦	૨૮૬૮
જીરૂ	૪૮૦૦	૫૨૫૦
રાય	૧૫૭૫	૨૦૪૮
મેથી	૧૨૧૨	૨૧૭૦
કલોંજી	૪૯૫૦	૫૨૧૦
રાયડો	૧૫૫૦	૧૭૭૦
રજકાનુ બી	૬૦૦૦	૭૫૦૦
ગુવારનુ બી	૧૪૫૦	૧૬૨૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૫૪	૧૩૧૪
બટેટા	૧૦૬	૩૨૭
ડુંગળી સુકી	૨૫૦	૭૩૦
ટમેટા	૨૩૫	૫૧૧
સુરણ	૪૧૮	૫૯૬
કોથમરી	૫૭૯	૭૮૨
મુળા	૩૧૧	૫૧૪
રીંગણા	૨૫૮	૪૭૮
કોબીજ	૨૨	૪૫
ફલાવર	૧૩૧	૩૪૩
ભીંડો	૬૨૧	૮૧૮
ગુવાર	૮૧૯	૧૨૪૩
ચોળાસીંગ	૫૨૭	૮૧૬
વાલોળ	૩૯૨	૬૧૫
ટીંડોળા	૧૧૪	૨૪૯
દુધી	૨૮૭	૪૮૯
કારેલા	૨૧૨	૩૫૬
સરગવો	૪૯૩	૮૮૪
તુરીયા	૬૨૪	૮૧૧
પરવર	૫૨૭	૬૭૮
કાકડી	૫૮૮	૮૯૧

ગાજર	૩૯૩	૬૧૨
વટાણા	૮૨૧	૧૨૨૪
તુવેરસીંગ	૪૦૯	૬૨૫
ગલકા	૩૯૪	૬૧૦
બીટ	૧૧૪	૩૮૩
મેથી	૨૨૭	૩૧૨
વાલ	૮૧૨	૧૨૩૪
ડુંગળી લીલી	૩૦૯	૫૧૪
આદુ	૧૦૨૨	૧૨૨૯
મરચા લીલા	૨૨૬	૫૫૩
હળદર લીલી	૪૨૩	૬૦૭
લસણ લીલું	૨૯૨૯	૩૮૩૧
મકાઇ લીલી	૨૨૫	૩૪૨

ગોંડલ

સિંગ ફાડીયા	૯૦૦	૨૨૧૧
એરંડા/એરંડી	૧૨૪૧	૧૬૦૬
જીરૂ	૨૦૦૦	૫૩૯૧
ધાણા	૨૭૫૧	૩૨૭૧
મરચા સૂકા પટ્ટો	૨૫૦૧	૬૪૦૧
અડદ	૧૩૦૧	૨૦૧૧
તુવેર	૧૨૦૧	૧૯૯૧
રાય	૧૮૫૧	૧૮૫૧
મેથી	૧૪૫૧	૧૮૩૧
કાંગ	૧૦૫૧	૧૧૧૧
મરચા	૨૪૦૧	૬૨૦૧
ગુવાર બી	૯૦૧	૯૦૧
સફેદ ચણા	૧૩૦૧	૨૩૮૧
તલ - તલી	૨૬૨૬	૩૪૪૧
ધાણી	૨૯૦૧	૩૩૯૧
બાજરો	૫૪૧	૬૦૧
જુવાર	૨૦૧	૧૭૭૬
મગ	૧૦૦૧	૧૭૯૧
ચણા	૧૧૧૧	૧૫૨૬
વાલ	૧૩૪૧	૧૭૪૧
ચોળા/ચોળી	૧૮૦૧	૧૮૦૧
ગોગળી	૭૦૦	૧૩૬૧
વટાણા	૪૦૧	૭૩૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૪૦૦
મરચા	૨૦૦	૧૩૦૦
ગુવાર	૧૬૦	૧૨૦૦
કોબી	૨૦	૧૪૦
દુધી	૧૬૦	૪૦૦
ફલાવર	૨૦	૨૪૦
કાકડી	૨૦૦	૧૦૦૦
રીંગણા	૪૦	૪૦૦
ભીંડો	૨૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૮૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૮૦	૪૦૦
તુવેર	૨૦૦	૮૦૦
વાલ	૨૦૦	૧૨૦૦
વટાણા	૨૦૦	૧૬૦૦
શક્કરીયા	૨૦૦	૭૦૦
કેરી કાચી	૧૬૦૦	૨૬૦૦
બટેટા	૧૨૦	૨૬૦
લીલી હળદર	૪૦૦	૮૦૦
ડુંગળી પુરા	૧૦	૨૦
તાંજરીયા પુરા	૨	૫
કોથમીર પુરા	૨	૮

મુળા પુરા	૪	૧૨
ફોદીનો પુરા	૨	૪
કાચા કેળા	૨૦૦	૩૦૦
અળવીપાન	૬	૧૦
પરવર	૬૦૦	૭૦૦
નાળીયેર	૬૦૦	૧૦૦૦
ઘીસોડા	૨૦૦	૧૨૦૦
લીંબુ	૨૦૦	૧૨૦૦
મેથી પુરા	૧	૭
સરગવો પુરા	૧૦	૨૦
ચોરા	૧૮૦	૮૦૦
કારેલા	૨૦૦	૫૦૦
વાલોર	૧૦૦	૬૦૦
કાચા પપૈયા	૮૦	૩૦૦
આદુ	૨૦૦	૧૪૦૦
મકાઇ ડોડા	૨૦૦	૩૦૦
લસણ પુરા	૧૦	૨૫
પાલક પુરા	૧	૭

અમરેલી

શિંગ મઠડી	૧૪૩૦	૧૫૩૦
ગૌરનાર શિંગ	૧૧૫૫	૫૫૫૫
શિંગ મોટી	૧૨૦૦	૧૫૭૦
શિંગદાણા ફાડા	૧૫૦૦	૨૦૨૦
તલ સફેદ	૨૫૦૦	૩૭૦૦
તલ કાળા	૨૮૦૦	૪૨૦૦
તલ કાશમીરી	૩૧૪૦	૩૨૬૫
બાજરો	૪૮૦	૬૨૫
જુવાર	૭૧૫	૧૪૬૦
ઘઉં ટુકડા	૫૨૫	૭૬૫
ઘઉં લોકવન	૫૪૫	૬૬૦
અડદ	૧૫૦૦	૧૮૦૫
ચણા	૧૧૦૦	૧૫૩૫
ચણા દેશી	૧૬૦૫	૧૬૦૫
સફેદ ચણા	૧૩૮૦	૧૪૫૦
તુવેર	૯૪૦	૧૮૦૫
કપાસ	૧૦૮૦	૧૮૯૦
એરંડા	૧૪૫૦	૧૫૩૦
જીરૂ	૧૬૨૫	૫૨૨૦
ધાણી	૨૬૦૦	૩૩૩૦
સોયાબીન	૧૧૪૦	૧૫૧૫
રજકાનુ બી	૨૪૦૦	૯૦૫૦
મરચાં લાંબા	૨૬૬૦	૫૨૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૨૦	૨૮૦
રીંગણા	૨૦૦	૪૦૦
ફલાવર	૧૬૦	૨૨૦
કોબીજ	૧૧૦	૧૬૦
શક્કરીયા	૮૫૦	૯૯૦
ટમેટાં	૩૦૦	૪૦૦
સુરણ	૯૫૦	૧૦૫૦
ગાજર	૬૦૦	૭૦૦
દુધી	૩૦૦	૪૦૦
કારેલા	૪૦૦	૫૦૦
ગલકા	૫૫૦	૬૦૦
મુળા	૨૦૦	૩૦૦
કાકડી	૬૦૦	૮૦૦
ગુવાર	૬૦૦	૯૦૦
વાલોળ	૪૦૦	૪૫૦
વટાણા	૧૨૦૦	૧૪૦૦
ચોળા લીલા	૬૦૦	૭૦૦

તુરીયા	૯૦૦	૧૦૦૦
લીલી તુવેર	૬૦૦	૭૦૦
ચોમડા	૭૫૦	૯૫૦
ભીંડો	૭૦૦	૮૦૦
હળદર લીલી	૭૦૦	૭૫૦
આદુ	૧૧૨૦	૧૧૯૦
કોથમીર	૮૨૦	૧૦૨૦
મેથીભાજી	૩૨૦	૪૧૦
ફોદીનો	૭૫૦	૮૫૦
ટીંડોરા	૫૩૦	૬૩૦
બીટ	૫૫૦	૬૬૦
વાલ	૧૧૨૦	૧૨૦૦
સરગવો	૬૦૦	૮૦૦
લીમડો મીઠો	૧૭૦	૧૯૦
મરચાં લીલાં	૩૦૦	૬૦૦
મરચાં લાલ	૫૦૦	૧૧૦૦
ડુંગળી લીલી	૪૦૦	૫૦૦
ડુંગળી સુકી	૨૦૦	૭૦૦
લસણ લીલું	૪૫૦૦	૫૫૦૦
લસણ સુકું	૧૫૦૦	૨૫૦૦
પાલક	૫૫૦	૬૦૦
લીંબુ	૮૦૦	૧૪૦૦
મકાઇ	૩૫૦	૪૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૨૦	૨૨૦૦
શીંગ મોટી	૧૩૫૦	૧૬૫૦
તલ સફેદ	૩૨૦૦	૩૫૫૧
તલ કાળા	૩૩૦૧	૩૮૫૧
જીરૂ	૪૮૦૦	૫૧૧૧
કપાસ	૧૮૧૧	૧૯૦૧
ઘઉં લોકવન	૫૫૭	૬૧૮
ઘઉં ટુકડા	૫૭૫	૬૫૧
જુવાર	૧૪૬૧	----
મકાઇ	૬૮૧	----
ચણા	૧૩૦૦	૧૪૭

લીલીયાના પીપળવામાં સરકારી મહિલા અધિકારી અને ડેપ્યુટી એન્જિનિયર સાથે ગેરવર્તણૂકનો આક્ષેપ

અજાણ્યા ઈસમ સામે અપશબ્દો બોલી સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કર્યાનો આક્ષેપ

લીલીયા,તા.૨૦

લીલીયાના પીપળવા ગામે માર્ગ અને મકાન વિભાગની સરકારી કામગીરી દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા રાજુભાઈ ગરાણીયા દ્વારા ફરજ પર હાજર મહિલા અધિકારી અને ડેપ્યુટી એન્જિનિયર (DE) સાથે અશોભનીય વર્તન કરવામાં આવ્યુ હોવાની ફરિયાદ તાલુકા પોલીસને કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, માર્ગ અને મકાન વિભાગના મહિલા અધિકારી તથા ડેપ્યુટી એન્જિનિયર સરકારી કામગીરી કરી રહ્યા હતા ત્યારે અજાણ્યો ઈસમ સ્થળ પર પહોંચ્યો હતો. આ દરમિયાન તેમણે મહિલા અધિકારીને અભદ્ર ભાષામાં અપશબ્દો કહ્યા હોવાનો તેમજ ડેપ્યુટી એન્જિનિયર સાથે પણ ઉધ્ધત વર્તન કરી અપશબ્દો બોલ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને કારણે સરકારી કામગીરીમાં અવરોધ ઊભો થયો હોવાનું પણ જણાવાયું છે. સરકારી ફરજ બજાવતા અધિકારીઓ સાથેના આવા વર્તન સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને મહિલા અધિકારીના સન્માન અને સરકારી કર્મચારીઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવી જવાબદાર વ્યક્તિ સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. જોકે, આક્ષેપો અંગે સંબંધિત પક્ષનો ખુલાસો સામે આવ્યો નથી.

પૂજ્ય વૈષ્ણવ આચાર્ય ૧૦૮ પ્રભુજી મહારાજ તથા ચિરંજીવી રામેશ્વર મહારાજના પાવન સાનિધ્યમાં

વડીયાના રામપૂર ગામે નિર્મળ પરિવાર દ્વારા નંદ મહોત્સવ મનોરથ અને લોટી ઉત્સવ યોજાયો

વડીયા,તા.૨૦

મોટી કુંકાવાવ તાલુકાના રામપૂર ગામે નિર્મળ પરિવાર દ્વારા વૈષ્ણવ આચાર્ય ૧૦૮ પ્રભુજી મહારાજ તથા ચિરંજીવી રામેશ્વર મહારાજના પાવન સાનિધ્યમાં અલૌકિક પલના નંદ મહોત્સવ મનોરથ અને લોટી ઉત્સવનું ભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતું.


તસવીર : વિનુભાઈ કોટડીયા

આ પ્રસંગે ઠાકોરજીને પાલનામાં બિરાજમાન કરી અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. દિવ્ય વાતાવરણમાં પલનામાં ઝૂલતા લાલાના અલૌકિક દર્શન કરીને ઉપસ્થિત વૈષ્ણવજનો ભાવવિભોર બની ગયા હતા. આ ઉત્સવ દરમિયાન કીર્તન મંડળી દ્વારા તેમજ બીનાબેન શિંગાળા અને જયસુખભાઈ લુણાગરીયા દ્વારા ઉપસ્થિત બહેનો અને ભક્તજનોને ઠાકોરજીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો.

ગિરનારની લીલી પરિક્રમા માટે ત્રણ ટ્રેનોમાં વધારાના કોચ જોડાયા

૨૬ નવેમ્બર સુધી મુસાફરોની સુવિધા માટે રેલવે તંત્રનો નિર્ણય

અમરેલી,તા.૨૦

જૂનાગઢ ખાતે ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ભાવનગર રેલવે મંડળ દ્વારા આઠ ટ્રેનોમાં વધારાના કોચ જોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં અમરેલી જિલ્લામાંથી પસાર થતી ચલાલા-જૂનાગઢ મીટરગેજ ટ્રેન, ભાવનગર-વેરાવળ અને ભાવનગર-પોરબંદર ટ્રેનમાં એક-એક વધારાનો કોચ જોડાયો છે. વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ ૧૮થી ૨૬ નવેમ્બર સુધી આ સુવિધા મળશે. પરિક્રમામાં ઉમટતા લાખો શ્રધ્ધાળુઓને મુસાફરીમાં અગવડ ન પડે તે માટે રેલવે દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

બાબરામાં માટલું બદલાવવાના બહાને યુવતીની છેડતી અને પિતા પર હુમલાનો આક્ષેપ

બાબરા,તા.૨૦

બાબરા શહેરના અમરેલી રોડ વિસ્તારમાં માટલું બદલાવવાના બહાને કુંભારના ઘરે પહોંચેલા શખ્સે યુવતીની છેડતી કરી પિતા સાથે મારામારી કરી હોવાનો આક્ષેપ થતાં ચકચાર મચી છે. પ્રવીણભાઈ કાનજીભાઈ કુંભારના જણાવ્યા મુજબ, પરેશ મનુભાઈ શેરા બે દિવસ પહેલાં તેમની પાસેથી માટલું લઈ ગયા હતા. માટલું તૂટી ગયાનું કહી શુક્રવારે બપોરે બદલાવવા ઘરે આવ્યા હતા. આ દરમિયાન ધાબા પર માટલાં લેવા ગયેલી યુવતીનો હાથ પકડી લેતાં તેણે બૂમાબૂમ કરી હતી. પિતા બચાવવા દોડી જતાં તેમની સાથે ઝપાઝપી કરી હાથ પર બચકું ભર્યાનો આક્ષેપ છે. ત્યારબાદ ઘરમાં રાખેલાં માટલાંની તોડફોડ કરી અંદાજે રૂ. ૩૦ હજારનું નુકસાન પહોંચાડ્યું હતું. ઈજાગ્રસ્ત પિતા-પુત્રીને બાબરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. બનાવ અંગે પોલીસ તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરે તેવી માંગ ઊઠી છે.


તસવીર : દિપક કનૈયા

ખેલ મહાકુંભ-૨૦૨૬માં વોલીબોલ સ્પર્ધાના સ્થળ અને તારીખમાં ફેરફાર

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લામાં ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત આકસ્મિક કારણોસર વોલીબોલ સ્પર્ધાના સ્થળ અને તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સમયપત્રક મુજબ બહેનોની વોલીબોલ સ્પર્ધા ૨૯ નવેમ્બરે અને ભાઈઓની સ્પર્ધા ૩૦ નવેમ્બરે સવારે ૮ વાગ્યે બગસરાની ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ ખાતે યોજાશે. વધુ માહિતી માટે મનોજભાઈ મહીડા (મો. ૯૫૩૭૭૩૦૩૨૧) અથવા મનીષભાઈ કુકવાવા (મો. ૯૪૨૭૯૦૫૮૪૬)નો સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી દ્વારા ખેલાડીઓ અને શાળાઓને જાણ કરવામાં આવી છે.

લેન્ડ ગ્રેબીંગના ગુનામાં બાંભણિયાના ખેડૂતના આગોતરા જામીન મંજૂર

અમરેલી સ્પેશ્યલ કોર્ટે રૂ. ૫૦,૦૦૦ના બોન્ડ પર કડક શરતો સાથે રાહત આપી

અમરેલી,તા.૨૦

કુંકાવાવ તાલુકાના બાંભણિયા ગામના ખેડૂત વસંતભાઈ કાળાભાઈ પદમાણીને વડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રોહિબિશન) એક્ટની કલમ ૪(૩) અને ૫(સી) હેઠળના ગુનામાં અમરેલીના બીજા એડિશનલ સેશન્સ જજ તથા સ્પેશ્યલ જજ (લેન્ડ ગ્રેબીંગ) પૂર્વી દેવે આગોતરા જામીન મંજૂર કર્યા



છે.ફરિયાદ મુજબ આરોપીએ બાંભણિયાની સીમમાં ફરિયાદી અને તેમના ભાઈની આશરે ૫.૩૯ લાખની કિંમતની જમીન પચાવી પાડી હતી. બચાવપક્ષે જમીન પચાસ વર્ષથી વધુ સમયથી કબજામાં હોવાનું અને મુખ્યત્વે શેઢાનો વિવાદ હોવાનું જણાવ્યું હતું. કોર્ટે ૬૩ વર્ષની ઉંમર, કેન્સરની સારવાર તથા કિડનીની બીમારી ધ્યાને લીધી. આરોપીએ તપાસમાં સહકાર આપવો, સાક્ષીઓને ધમકી ન આપવી અને કોર્ટની પરવાનગી વિના ગુજરાત બહાર ન જવું સહિતની શરતો રાખવામાં આવી છે. કેસમાં આરોપી તરફે એડવોકેટ અમિત પી. ચોવટીયા તથા એમ.એમ. કટારીયાની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી છે.

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ડિસેમ્બરમાં સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓને કરાશે સન્માનિત, નિયત સમયમર્યાદામાં અરજી કરવા અનુરોધ

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ અને પ્રતિભાશાળી યુવાનોને પ્રોત્સાહન આપવાના હેતુથી આગામી ડિસેમ્બર માસમાં સરસ્વતી સન્માન સમારોહ-૨૦૨૬ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં ધોરણ ૧૦, ૧૨, સ્નાતક, અનુસ્નાતક, બી.ઈ., એમ.ઈ., એમ.બી.એ., એમ.બી.બી.એસ., એમ.ડી., બી.એ. એમ.એસ., બી.ડી.એસ., પી.એચ.ડી. સહિતની શૈક્ષણિક લાયકાત મેળવનાર વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. આ ઉપરાંત વર્ગ-૧ અને વર્ગ-૨માં નિયુક્ત થયેલા, સરકારી એવોર્ડ મેળવનાર તેમજ સંગીત, કલા અને રમતગમત ક્ષેત્રે રાજ્યકક્ષાએ વિજેતા અને રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લેનાર પ્રતિભાઓ પણ અરજી કરી શકશે. અરજીપત્રક માટે અમરેલી સહિત સાવરકુંડલા, બાબરા, ખાંભા, લાઠી, વડીયા, કુકાવાવ, લીલીયા, બગસરા, દામનગર, ધારી, ચલાલા, જાફરાબાદ, રાજુલા અને ચિતલના નિયુક્ત આગેવાનોનો સંપર્ક કરવા જણાવાયું છે. જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ તુષાર જોશી અને મહામંત્રી તેજસ ત્રિવેદીએ નિયત સમયમર્યાદામાં અરજી પહોંચાડવા અનુરોધ કર્યો છે.

ગિરનારની લીલી પરિક્રમામાં ખાપટના કપાસી બાપુ આશ્રમ પરિવારની ૧૨ વર્ષથી ચા-પ્રસાદની સેવા

ઊના,તા.૨૦


જૂનાગઢના ગરવા ગિરનારની ગોદમાં લીલી પરિક્રમા ભક્તિ અને શ્રધ્ધાભેર યોજાઈ રહી છે. કારતક સુદ અગિયારસથી દેવદિવાળી સુધી યોજાતી ૩૬ કિલોમીટરની આ પદયાત્રામાં લાખો શ્રધ્ધાળુઓ જોડાય છે. પરિક્રમા માર્ગે સેવાભાવી સંસ્થાઓ અને ગ્રામજનો દ્વારા યાત્રાળુઓ માટે ભોજન, ચા-પાણીની સેવા કરવામાં આવે છે.

આ સેવા પરંપરામાં ઉના તાલુકાના ખાપટ ગામે સંત શિરોમણી પરસોત્તમ ગીરી બાપુ (કપાસી બાપુ)ના આશ્રમ પરિવારના યુવાનો પણ છેલ્લા ૧૨થી ૧૩ વર્ષથી જોડાયેલા છે. પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની ભક્તિભાવનાથી યુવાનો ગિરનાર પરિક્રમા માર્ગ પર ચા-પ્રસાદની સેવા આપી રહ્યા છે. આ વર્ષે પ્રસાદમાં ગાંઠિયા અને ફરાળી ચેવડાનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે. યુવાનોની આ સેવાકીય પ્રવૃત્તિને શ્રધ્ધાળુઓ તરફથી બિરદાવવામાં આવી રહી છે. આશ્રમ પરિવારના સ્વયંસેવકોને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

ઊનાના આમોદ્રા ગામે સંત મૂળદાસજીની ૩૫૨મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી

ઊના,તા.૨૦

ઊના તાલુકાના આમોદ્રા ગામે સંત મૂળદાસજીની ૩૫૨મી જન્મજયંતિ નિમિત્તે આજથી ત્રિદિવસીય ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા, મહાપ્રસાદ, સંતવાણી અને લોકડાયરા સહિતના કાર્યક્રમોમાં ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી લુહાર, સુતાર અને પંચાલ સમાજના અગ્રણીઓ, સંતો-મહંતો ઉપસ્થિત રહી આશીર્વચન આપશે. મંદિર નિર્માણમાં મુખ્ય દાતા મહેશભાઈ નરોતમભાઈ કવા (બૂચરવાડા, દિવ-લંડન) સહિત દાતાઓનો સહયોગ મળ્યો છે.



ભાયાવદરથી સુરત જતી રામરાજ ટ્રાવેલ્સની બસને ભરૂચ નજીક ગમખ્વાર અકસ્માત

પાનેલી અને કાથરોટાના બે વ્યક્તિના કરુણ મોત, ૩૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત

ધોરાજી,તા.૨૦

ભાયાવદરથી સુરત જતી રામરાજ ટ્રાવેલ્સની ખાનગી બસને ભરૂચ નજીક ટેન્કર સાથે અકસ્માત નડતા બે વ્યક્તિના મોત થયા હતા, જ્યારે ૩૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હોવાની પ્રાથમિક વિગતો મળી રહી છે. ધોરાજીના સંતકૃપા ટ્રાવેલ્સના સંચાલક દીપસિંહ ચુડાસમાએ આ અંગે માહિતી આપી હતી. અકસ્માતમાં કાથરોટા ગામના રમેશભાઈ અને પાનેલી ગામના નવીનભાઈનું મોત થયાનું જાણવા મળ્યું છે. બસમાં સવાર મુસાફરો સુરત ખાતે લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. જેમાં પુરુષો ઉપરાંત મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ હતો. અકસ્માતમાં મહિલાઓ અને બાળકોને પણ ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ બનાવ અંગે સરકારી તંત્ર તરફથી હજુ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

પુંજાપાદર ગામે 'હાલો ભેરૂ ગામડે' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હિરપરા અને ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં ખેડૂતો સાથે સંવાદ અને સંગઠન મજબૂતી અંગે ચર્ચા

લીલીયા,તા.૨૦

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કિસાન મોરચા દ્વારા આયોજિત 'હાલો ભેરૂ ગામડે' અભિયાન અંતર્ગત લીલીયા તાલુકા કિસાન મોરચાનો વિશેષ કાર્યક્રમ રામાણી પરિવારની વાડી ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હિરપરા અને



સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. બંને આગેવાનોએ હોદ્દેદારો અને કાર્યકર્તાઓને સંગઠનાત્મક કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં સંગઠન મજબૂત બનાવવા, ખેડૂતો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા તથા ખેતીલક્ષી પ્રશ્નોને પ્રાધાન્ય આપવા ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કિસાન મોરચાના અધ્યક્ષ મુકેશ ખોખરીયા, આનંદ ધાનાણી, જીગ્નેશ સાવજ, રિતેશ સોની સહિત ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

કડીયાળી ગ્રામપંચાયત કચેરી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

:: જાહેર હરરાજી ::

જુના જર્જરિત રાજીવ ગાંધી ભવનની હરરાજી કરવા અંગેની જાહેરાત

કડીયાળી ગામે જુના જર્જરિત રાજીવ ગાંધી ભવનની જાહેર હરરાજી તા.૨૩/૧૧/૨૦૨૬ને સોમવારે રાખેલ હોઈ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

૧. હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રકમ રૂા.૧૦૦૦/- રોકડથી જમા કરાવવાના રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી પસંદ થયેલ વ્યક્તિએ જે-તે રકમ તેજ દિવસે રોકડ/ડીડી/ચેક સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાની રહેશે.
૩. પસંદ થયેલ વ્યક્તિએ આ કામ મળ્યેથી દિન-પમાં ઈમલો પાડી જગ્યા ખાલી/સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનીની જવાબદારી જે તે એજન્સી/વ્યક્તિની રહેશે.

હરરાજી તારીખ : ૨૩/૧૧/૨૦૨૬ને સોમવાર - સમય : સવારે ૧૧:૦૦ કલાકે
સ્થળ : નવી ગ્રામપંચાયત કચેરી કડીયાળી, તાલુકો-જાફરાબાદ, જિલ્લો-અમરેલી.

અપસેટ પ્રાઈસ રૂપ,૦૦૦/-
હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર ગ્રામપંચાયતનો રહેશે.

તલાટી કમ મંત્રીશ્રી, કડીયાળી ગ્રામપંચાયત — સરપંચશ્રી, કડીયાળી ગ્રામપંચાયત

રૂમ નં.૨૦૪

અમરેલીના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. અમરેલી

ફોજદારી પરચુરણ અરજ નં.૬૩૫/૨૬
મુદત તારીખ :૧૫/૧૨/૨૦૨૬

અરજદાર : લાલજીભાઈ મોહનભાઈ દેસાઈ, રહે-ગામ.પીઠવાજાળ,તા.જી-અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મમરણ નોંધણી અધિકારી, પીઠવાજાળ,ગ્રામ પંચાયત કચેરી, ગામ.પીઠવાજાળ,તા.જી-અમરેલી

અરજદારના વકીલ : શ્રી કેતન.પી.વૈયાટા

-:: જાહેર નોટીસ ::-

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી કેતન.પી.વૈયાટા એ અરજદાર લાલજીભાઈ મોહનભાઈ દેસાઈ રહે-ગામ.પીઠવાજાળ,તા.જી-અમરેલી વાળાના દીકરી અનસુયાબેન લાલજીભાઈ દેસાઈ નો જન્મ, તારીખ : ૦૧/૦૬/૧૯૭૨ ના રોજ અમરેલી જીલ્લા ના .પીઠવાજાળ મુકામે થયા અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા: ૧૫/૧૨/૨૦૨૬ ના રોજ સવારનાં ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૨૦ માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી, (બી.એ.પરમાર) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર સહી, (જી .કે.પરમાર) બેન્ચ કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી સહી, (યુ.પી.જોષી) રજિસ્ટાર ચિફ જયુડી.મેજી.કોર્ટ

ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત પાકિસ્તાનના જળ મંત્રી ભારત પહોંચ્યા

નવી દિલ્હી, તા.૨૦



ઓપરેશન સિંદૂર બાદ પ્રથમ વખત પાકિસ્તાનના કોઈ મંત્રી શુક્રવારે ભારત પહોંચ્યા છે. પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન અને પર્યાવરણ સમન્વય મંત્રી મુસાદિક મસૂદ મલિક દિલ્હીમાં યોજાનારા શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમમાં ભાગ લેશે. તેઓ પાકિસ્તાની પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સાંજે આશરે ૫:૩૦ વાગ્યે દિલ્હીના પુરાણા કિલ્લા ખાતે ફોરમનું ઉદ્ઘાટન કરશે અને ઉપસ્થિત મહાનુભાવોને સંબોધિત કરશે. આ કાર્યક્રમ ૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન યોજાશે. સંસ્કૃતિ મંત્રાલય અને વિદેશ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે તેનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતે આ ફોરમમાં ભાગ લેવા માટે ૨૫ દેશોને આમંત્રણ આપ્યું હતું, જેમાંથી ૧૫ દેશોએ પોતાની ભાગીદારીની પુષ્ટિ કરી છે. ફોરમનો મુખ્ય હેતુ સભ્ય દેશોની સહિયારી સભ્યતા અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાની સાથે વિવિધ દેશો વચ્ચે પરસ્પર સંવાદ અને સહયોગ વધારવાનો છે. આ કાર્યક્રમમાં પાકિસ્તાની મંત્રીની હાજરીને વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

સોના-ચાંદીના ભાવમાં ફરી મોટો કડાકોઃ સોનું એક વર્ષના તળિયે પહોંચ્યું

વૈશ્વિક બજારમાં સોનું ૪.૩૫ ટકા અને ચાંદી ૭.૧૧ ટકા તૂટી



નવી દિલ્હી, તા.૨૦

સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. શુક્રવારે વૈશ્વિક બજારની સાથે ઘરેલુ બજારમાં પણ બંને કિંમતી ધાતુઓના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો હતો. કોમેક્સ પર સોનાના ભાવમાં ૪.૩૫ ટકા સુધીનો ઘટાડો થતાં તે ૩,૫૨૫ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યું હતું. જ્યારે ચાંદીના ભાવમાં ૭.૧૧ ટકા સુધીનો કડાકો નોંધાતાં તે ૪૧.૨૫૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી.ઘરેલુ બજારમાં પણ સોનું ઘટીને આશરે રૂ. ૧.૨૨ લાખ પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદી રૂ. ૧.૪૮ લાખ પ્રતિ કિલોગ્રામની આસપાસ પહોંચી હતી. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ડિસેમ્બર ડિલિવરીવાળું સોનું રૂ. ૫,૦૦૦ સુધી ઘટીને રૂ. ૧,૨૨,૪૩૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયું હતું. બીજી તરફ, ચાંદીમાં પણ રૂ. ૯,૦૫૮ સુધીનો ઘટાડો નોંધાયો હતો. સતત ઘટાડાને કારણે સોના-ચાંદીના બજારમાં રોકાણકારોમાં ચિંતા જોવા મળી રહી છે.

કુલગામ અને બડગામ બાદ હવે કિશ્તવાડ આતંકવાદીઓના નિશાન પર, સુરક્ષા દળો એલર્ટ

જમ્મુ, તા. ૨૦

કુલગામ અને બડગામમાં આતંકવાદીઓ સામેની કાર્યવાહી બાદ હવે સુરક્ષા એજન્સીઓએ જમ્મુ વિભાગના પહાડી જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ખાસ કરીને કિશ્તવાડમાં આતંકવાદી જહાંગીર સરુરી અને તેના નેટવર્કને શોધવા માટે અભિયાન તેજ બનાવાયું છે. ડીજીપી, આઈજી અને ઉત્તરી કમાન્ડના વડાએ પણ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી છે. સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીરમાં આશરે બે ડઝન સર્ચ ઓપરેશન ચાલી રહ્યાં છે.

ડોડા, કિશ્તવાડ, ઉધમપુર અને કઠુઆમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓ પર નજર રાખવામાં આવી રહી છે. બીજી તરફ, પાકિસ્તાન તરફથી ઘૂસણખોરીની આશંકાને પગલે સાંબા અને હીરાનગર સેક્ટરમાં બીએસએફ તથા સેનાએ પેટ્રોલિંગ વધાર્યું છે.

આદિવાસી વિસ્તારોમાં ત્રણ દિવસ રોકાઈ સંવાદ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૨૦



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી વિસ્તારોની ત્રણ દિવસીય મુલાકાતના અંતિમ દિવસે ગરબાડાના રામનાથ સરોવરની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે સ્થાનિક લોકો સાથે સંવાદ કરી પાણીની સમસ્યા અંગે જાણકારી મેળવી હતી અને સરોવરના સૌંદર્યીકરણ માટે અધિકારીઓને સૂચનો આપ્યા હતા. પાટાડુંગરી ડેમની મુલાકાત લઈ વિકાસકામોની સમીક્ષા કરી હતી તથા વૃક્ષારોપણ કર્યું હતું. દાહોદના બાવકા ગામે પ્રાચીન શિવમંદિરમાં દર્શન પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે પરિવર્તન આવ્યું છે. સરકારી યોજનાઓના લાભ છેવાડાના લોકો સુધી પહોંચ્યા છે. સ્થાનિક લોકોની નવી માંગણીઓ અંગે પણ સરકાર કામગીરી કરશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભાજપની કાર્યપધ્ધતિ ચૂંટણીલક્ષી નહીં, પરંતુ પ્રજાજનોની વચ્ચે રહીને વિકાસનાં કામો કરવાની છે. પ્રવાસ દરમિયાન તેમણે ગ્રામજનોની રજૂઆતો સાંભળી અને અધિકારીઓ સાથે વિકાસકામોની સમીક્ષા પણ કરી હતી.

રાજસ્થાન પંચાયત ચૂંટણીમાં ભાજપને મોટો ફટકો, મુખ્યમંત્રીના મતવિસ્તારમાં RLPનો વિજય

જયપુર, તા. ૨૦

રાજસ્થાનની પંચાયત ચૂંટણીમાં ભાજપને મોટો રાજકીય ફટકો પડ્યો છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના મતવિસ્તાર સાંગાનેરમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP)એ ૧૫માંથી ૮ બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી છે. જ્યારે ભાજપ માત્ર ૩ બેઠકો પર સમેટાયો હતો. કેબિનેટ મંત્રી કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોડના મતવિસ્તાર ઝોટવાડામાં કોંગ્રેસે ૮ બેઠકો જીતી બહુમતી મેળવી હતી. અહીં ભાજપને માત્ર એક બેઠક મળી હતી. જયપુર જિલ્લાની ૨૨ પંચાયત સમિતિઓના જાહેર થયેલા ૩૪૧ પરિણામોમાં કોંગ્રેસે ૧૯૦, ભાજપે ૭૮ અને RLPએ ૫૩ બેઠકો જીતી છે. અપક્ષ અને અન્ય ઉમેદવારોએ ૨૦ બેઠકો મેળવી છે. હજુ ૪૫ બેઠકોનાં પરિણામો જાહેર થવાનાં બાકી છે. આ પરિણામોને ભાજપ માટે મોટો રાજકીય ફટકો માનવામાં આવી રહ્યો છે.

મણિપુરમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી, એન્કાઉન્ટરમાં KCPનો એક આતંકવાદી ઠાર

ઈમ્ફાલ, તા. ૨૦



મણિપુરના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં શુક્રવારે સવારે સુરક્ષા દળો સાથે થયેલા એન્કાઉન્ટરમાં કાંગલેઈપાક કોમ્યુનિસ્ટ પાર્ટી (KCP) સાથે જોડાયેલો એક આતંકવાદી ઠાર મારવામાં આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પટસોઈ પોલીસ સ્ટેશન વિસ્તારના યુરેમ્બમમાં સુરક્ષા દળો સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા, તે દરમિયાન ગોળીબાર શરૂ થયો હતો. જવાબી કાર્યવાહીમાં એક આતંકવાદીનું મોત થયું હતું. આ ઉપરાંત પ્રતિબંધિત સંગઠનો સાથે સંકળાયેલા કેટલાક લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે.

નોંધનીય છે કે મે ૨૦૨૩થી મણિપુરમાં મેઇતેઇ અને કુકી સમુદાયો વચ્ચે વંશીય સંઘર્ષ ચાલી રહ્યો છે. આ હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૦૬ લોકોનાં મોત થયાં છે અને ૪૯ લોકો ગુમ છે. હજારો લોકો બેઘર બન્યા છે. જમીન અધિકાર, અનામત અને ઓળખના મુદ્દે શરૂ થયેલો આ સંઘર્ષ રાજ્યની સુરક્ષા માટે સતત પડકાર બની રહ્યો છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેનું હેલિકોપ્ટર બગડ્યું, સુરક્ષિત લેન્ડીંગ કરાયું

મુંબઈ, તા. ૨૦



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેનું હેલિકોપ્ટર પંઢરપુરથી મુંબઈ પરત ફરતી વખતે અચાનક ખોટકાયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, હેલિકોપ્ટરની બેટરીમાં ખામી સર્જાતાં તે ઉડાન ભરી શક્યું નહોતું. પરિણામે એકનાથ શિંદે પુણે થઈને મુંબઈ પરત ફર્યા હતા. હેલિકોપ્ટરમાં સવાર તમામ લોકો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

એકનાથ શિંદે ગુરુવારે કાર્તિકી એકાદશીના પર્વ નિમિત્તે વિઠ્ઠલ-રુક્મિણી મંદિર અને ચંદ્રભાગા નદી વિસ્તારની તૈયારીઓની સમીક્ષા કરવા પંઢરપુર પહોંચ્યા હતા. નોંધનીય છે કે આ અગાઉ મે મહિનામાં પણ શિંદેના હેલિકોપ્ટરમાં ખામી સર્જાઈ હતી. તે સમયે ખરાબ હવામાન, ભારે પવન અને ઓછી દૃશ્યતાને કારણે પાયલોટે સાવચેતીના ભાગરૂપે હેલિકોપ્ટર પાછું વાળીને જુહુના પવન હંસ હેલિપેડ પર સુરક્ષિત ઉતાર્યું હતું. આ ઘટનામાં પણ કોઈને ઈજા થઈ નહોતી.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં માતા સાવિત્રી દેવીનું ૯૧ વર્ષની વયે નિધન

લખનૌ, તા. ૨૦



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનાં માતા સાવિત્રી દેવીનું શુક્રવારે ૯૧ વર્ષની વયે ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાના પૈતૃક ગામ પંચુરમાં નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી બીમાર હતાં. પૌડી ગઢવાલના એસએસપી સર્વેશ પનવરે તેમના નિધનની પુષ્ટિ કરી હતી. શનિવારે હરિદ્વારમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, રક્ષામંત્રી રાજનાથ સિંહ સહિત અનેક નેતાઓએ શોક વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

કેનેડાની મોસ્ટ વોન્ટેડ યાદીમાં ગોલ્ડી બ્રાર પ્રથમ ક્રમે, ધરપકડ કરાવનારને રૂ. ૨.૩૩ કરોડનું ઈનામ

ઓટાવા, તા. ૨૦

અમેરિકા બાદ હવે કેનેડામાં પણ ગેંગસ્ટર ગોલ્ડી બ્રારની મુશ્કેલીઓ વધી છે. કેનેડાના બોલો પ્રોગ્રામે જાહેર કરેલી ટોચના ૨૫ મોસ્ટ વોન્ટેડની યાદીમાં ગોલ્ડી બ્રારને પ્રથમ સ્થાન આપ્યું છે. તેની ધરપકડમાં મદદરૂપ માહિતી આપનારને ૨.૫૦ લાખ કેનેડિયન ડોલર એટલે કે આશરે રૂ. ૨.૩૩ કરોડનું ઈનામ જાહેર કરાયું છે. ગોલ્ડી બ્રારનું અસલી નામ સતિંદરજીત સિંહ છે. તેના પર વિનિપેગમાં સુખદુલ સિંહ ગિલની હત્યા અને હત્યાના કાવતરાનો આરોપ છે. કેનેડિયન પોલીસે તેને અને તેના સાથી કરણબીર સિંહને સશસ્ત્ર અને જોખમી ગણાવી લોકોને સીધો સંપર્ક કરવાને બદલે પોલીસને માહિતી આપવા અપીલ કરી છે. ઈનામની જાહેરાત ૨ નવેમ્બર, ૨૦૨૭ સુધી અમલી રહેશે.

મોહમ્મદ સિરાજને મુસ્લિમ હોવાના કારણે ટીમમાં સ્થાન ન અપાયું : કોંગ્રેસ સાંસદનું વિવાદાસ્પદ નિવેદન

નવી દિલ્હી, તા. ૨૦





કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે ક્રિકેટર મોહમ્મદ સિરાજની ટીમમાં પસંદગીને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સારા પ્રદર્શન છતાં સિરાજને ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટની પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું નથી. તેનું નામ સિરાજ હોવાથી તેની પસંદગી કરવામાં આવી નથી કે શું? તેવો સવાલ ઉઠાવી તેમણે ભેદભાવનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ, ભૂતપૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રી અને ક્રિકેટર સુનીલ ગાવસ્કરે પણ સિરાજને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળવા અંગે નિરાશા વ્યક્ત કરી હતી. બંનેએ સિરાજના અનુભવ, ક્ષમતા અને અગાઉના શાનદાર પ્રદર્શનને ધ્યાનમાં રાખીને તેની પસંદગી થવી જોઈતી હતી તેમ જણાવ્યું હતું.

મલેશિયા જતાં ભારતીય પ્રવાસીઓને મોટો આંચકો, ૧ જાન્યુઆરીથી વિઝા-મુક્ત પ્રવેશ સુવિધા બંધ

મલેશિયા, તા. ૨૦



મલેશિયાની મુસાફરી કરવાનું આયોજન કરી રહેલા ભારતીયો માટે મહત્વપૂર્ણ સમાચાર છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી મલેશિયા ભારતીય નાગરિકો માટેની વિઝા-મુક્ત પ્રવેશ સુવિધા બંધ કરશે. અત્યાર સુધી ભારતીય પ્રવાસીઓને ૩૦ દિવસ સુધી વિઝા વગર રહેવાની મંજૂરી હતી. મલેશિયન ઈમિગ્રેશન વિભાગની સૂચના મુજબ, ૧ ડિસેમ્બર, ૨૦૨૬થી માયવિઝા પોર્ટલ પર વિઝા માટે અરજી કરી શકાશે.

મલેશિયાએ ડિસેમ્બર ૨૦૨૩માં આ સુવિધા શરૂ કરી હતી, જેને ૨૦૨૬ના અંત સુધી લંબાવવામાં આવી હતી. હવે ૩૧ ડિસેમ્બર બાદ આ છૂટછાટ સમાપ્ત થશે. વિઝા અરજીની ફી કોઈપણ સંજોગોમાં પરત નહીં મળે.

પ્રવાસીઓને સમગ્ર રોકાણ દરમિયાન મુસાફરી તબીબી વીમો રાખવાની પણ સલાહ આપવામાં આવી છે. આ નિર્ણયને પગલે ભારતીય પ્રવાસીઓએ મુસાફરી પહેલાં વિઝાની ઔપચારિકતાઓ પૂર્ણ કરવી પડશે. ખાસ કરીને પ્રવાસીઓએ નવા નિયમો ધ્યાનમાં રાખીને મુસાફરીનું આયોજન કરવું પડશે.

ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની હોલટિકિટ ઓનલાઈન જાહેર

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૬ની પરીક્ષા આગામી તા. ૩૦/૧૧/૨૦૨૬થી શરૂ થનાર છે.

આ પરીક્ષા માટે નોંધાયેલા ઉમેદવારોના પ્રવેશપત્ર (હોલટિકિટ) તા. ૨૦/૧૧/૨૦૨૬થી બોર્ડની સત્તાવાર વેબસાઈટ (ssc.gsebht.in, gen.gsebht.in અથવા gseb.rog) પરથી શાળાના ઈન્ડેક્સ નંબર અને નોંધાયેલા મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી. દ્વારા લોગિન કરીને ડાઉનલોડ કરી શકાશે.

શાળાઓએ હોલટિકિટની પ્રિન્ટ કાઢી, વિદ્યાર્થીના આવેદન મુજબ વિષયો અને માધ્યમની ખરાઈ કર્યા બાદ નિયત જગ્યાએ ફોટો ચોંટાડી વિદ્યાર્થી, શિક્ષક અને આચાર્યના સહી-સિક્કા સાથે વિતરણ કરવાની રહેશે. હોલટિકિટના પાછળના ભાગે પરીક્ષાની સૂચનાઓ ફરજિયાત પ્રિન્ટ કરીને આપવાની રહેશે તથા વિતરણ યાદીમાં વિદ્યાર્થીની સહી લેવાની રહેશે. જો કોઈ વિષય કે વિગતમાં વિસંગતતા જણાય તો જરૂરી આધારો સાથે ત્રણ દિવસમાં ગાંધીનગર કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ ઉપરાંત, મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર પરીક્ષણ કાર્ય માટે શિક્ષકોના નિમણૂકપત્ર (Assessment Order) પણ ઓનલાઈન મૂકવામાં આવ્યા છે, જે ડાઉનલોડ કરી સંબંધિત શિક્ષકોને સુપ્રત કરવાના રહેશે.

અમરેલી-સાવરકુંડલા હાઈવે પર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત

એસ.ટી.ના ડ્રાઈવર સહિત પાંચનાં મોત, બે ગંભીર

શેત્રુંજી નદીના પુલ પાસે સર્જાયેલી દુર્ઘટનામાં દેવળિયાના સોલંકી પરિવારનો માળો વિખેરાયો









અમરેલી,તા.૨૦

અમરેલી-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર શેત્રુંજી નદીના પુલ પાસે મંદિર નજીક એસટી બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે એસટી બસ રસ્તા પરથી ઉતરી ખાડામાં ખાબકી હતી. આ દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળિયા ગામનો સોલંકી પરિવાર બાઈક પર સાવરકુંડલા તરફ જઈ રહ્યો હતો. દરમિયાન સાવરકુંડલાથી અમરેલી તરફ આવી રહેલી એસટી બસ સાથે બાઈકની ગંભીર ટક્કર થઈ હતી. અકસ્માતમાં બાઈક પર સવાર પરિવારના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ દુર્ઘટનામાં પરિવારના પિતા, પુત્ર અને પુત્રીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત માતાને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. બે માસૂમ બાળકો સહિત દંપતીનાં મોતથી સોલંકી પરિવાર પર આભ ફાટી પડ્યું હતું. એક જ પરિવારના ચાર સભ્યોનાં મોતથી દેવભૂમિ દેવળિયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. હસતા-રમતા પરિવારનો માળો વિખેરાઈ જતાં સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં એસટી બસના ચાલક મેહુલ દિલુ વાળા સહિત કુલ પાંચ વ્યક્તિઓનાં મોત થયાં હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસનો કાફલો પણ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની અવરજવર પ્રભાવિત થઈ હતી અને ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસે અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી બનાવના કારણો જાણવા તપાસ શરૂ કરી હતી. એક જ દુર્ઘટનામાં એક પરિવારના ચાર સભ્યો સહિત પાંચ લોકોનાં મોતની ઘટનાએ સમગ્ર અમરેલી પંથકને હચમચાવી દીધો હતો.

મૃતકોના નામ

- ગોગન બટુકભાઈ સોલંકી, ઉંમર ૩૭ વર્ષ
- ધૃતિ ગોગનભાઈ સોલંકી, ઉંમર ૬ મહિના
- નીતિન ગોગનભાઈ સોલંકી, ઉંમર ૪ વર્ષ
- હિરલબેન ગોગનભાઈ સોલંકી, ઉંમર ૩૫ વર્ષ
- મેહુલ દિલુભાઈ વાળા, એસ.ટી. ડ્રાઈવર

સિવિલ હોસ્પિટલે મંત્રી કૌશિક વેકરિયા,ભરત સુતરીયા સહિતના આગેવાનો પહોચ્યા

અમરેલી-સાવરકુંડલા હાઈવે પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતની જાણ થતાં અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે રાજ્યના મંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય મહેશ કસવાળા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સહિતના આગેવાનો દોડી ગયા હતા. તેમણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોના ખબરઅંતર પૂછી તેમને યોગ્ય સારવાર મળે તે અંગે માહિતી મેળવી હતી. આ ઉપરાંત અકસ્માતમાં જીવ ગુમાવનાર વ્યક્તિઓના પરિવારજનોને રૂબરૂ મળી સાંત્વના પાઠવી હતી. વિભાગીય નિયાયક ભાવેશ પટેલ, ડેપો મેનેજર દવે અને તાલુકા પોલીસનો સ્ટાફ પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો..

મૃતકનો પરિવાર સા.કુંડલા ખબર અંતર પુછવા જતો હતો

મૃતક ગોગનભાઈ સોલંકી તેના પત્ની અને બે બાળકો સાથે દેવળીયાથી સાવરકુંડલા સબંધીના ખબર અંતર પુછવા માટે જતા હતા પરંતુ તેઓને ક્યાં ખબર હતી સાવરકુંડલા પહોચ્યા પહેલા જ મોત રસ્તામાં ટાંપીને બેઠુ છે. બોલેરો સાથે અકસ્માત થયા બાદ એસ.ટી.બસના ચાલક બસમાંજ બેભાન થયા હતા અને બસ રોંગ સાઈડમાં ઉતરી જતા સામેથી આવતા મોટરસાયકલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જયારે પરિણીતા હિરલબેનને ગંભીર હાલતમાં અમરેલી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન તેમનુ મોત થયુ હતુ.

ખાનગી વાહનો પર હવે જાતિસૂચક લખાણ કે ચિન્હો લગાવવા પર રાજ્ય સરકારની રોક

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત સરકારે ખાનગી વાહનો પર જાતિ દર્શાવતા શબ્દો અને ચિન્હો પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મૂકવા મહત્વનો નિર્ણય કર્યો છે.

હવે ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર ઉપરાંત બસ અને ટ્રક સહિતના ખાનગી વાહનો પર પટેલ, બ્રાહ્મણ, ક્ષત્રિય, ઠાકોર, ભરવાડ



સહિતના જાતિસૂચક શબ્દો કે સંકેતો લખી શકાશે નહીં.

આ અંગે રાજ્યના બંદરો અને વાહન વ્યવહાર વિભાગે ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ ગુજરાત મોટર વાહન ત્રીજા સુધારા નિયમો જાહેર કર્યા છે. ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯માં સુધારો કરીને નિયમ ૧૨૫ અને ૧૩૮માં નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે.નવી જોગવાઈ મુજબ રાજ્ય સરકારની સામાન્ય અથવા વિશેષ મંજૂરી સિવાય ખાનગી વાહનો પર જાતિ દર્શાવતા લખાણ કે આકૃતિઓ પ્રદર્શિત કરી શકાશે નહીં. આ સુધારાના મુસદ્દા અગાઉ જૂન મહિનામાં જાહેર કરી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા. કોઈ વાંધા કે સૂચનો નહીં મળતા હવે અંતિમ નિયમો જાહેર કરાયા છે.આ નિર્ણયથી વાહનો પર જાતિ આધારિત ઓળખના જાહેર પ્રદર્શન પર અંકુશ આવશે અને નિયમોનું પાલન કરવું પડશે.

અમદાવાદમાં લાખોની નકલી નોટો સાથે બે શખ્સ ઝડપાયા

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના ઘાટલોડિયા પોલીસે લાખોની નકલી ચલણી નોટો સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. નાગપુરથી આંગડિયા મારફતે નાણાં મંગાવનાર એક વેપારીને અગાઉ રૂ. ૪૦ લાખની નકલી નોટો આપી ઠગવામાં આવ્યો હતો.

આ અંગે વેપારીએ પોલીસની મદદથી ટ્રેપ ગોઠવ્યો હતો. ત્યારબાદ અમદાવાદમાં આંગડિયા મારફતે નાણાં મંગાવવામાં આવતાં નકલી નોટો લઈને પહોંચેલા બે આરોપીઓ ઝડપાયા હતા. આરોપીઓ રૂ. ૫ હજારના કમિશન માટે નકલી નોટો પહોંચાડતા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ કૌભાંડમાં અન્ય ત્રણ આરોપીઓની સંડોવણી પણ ખુલતાં પોલીસે કુલ પાંચ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં સિરિયલ લૂંટના આરોપીને પગમાં ગોળી મારી ઝડપી પાડ્યો

સુરત,તા.૨૦

સુરતની લિંબાયત પોલીસે છ મહિનામાં બીજી વખત મધરાતે હાફ એન્કાઉન્ટર કર્યું છે. વરાછા, કતારગામ અને મહિધરપુરા વિસ્તારમાં સિરિયલ લૂંટ ચલાવનાર ઝારખંડના પરવેઝ મુશરફ અન્સારીએ પોલીસ પર ચપ્પુથી હુમલો કરતાં પીઆઈ ડી.ડી. ચૌહાણે સ્વબચાવમાં તેના ડાબા પગમાં ગોળી મારી ઝડપી પાડ્યો હતો. દરમિયાન સિરિયલ લૂંટના અન્ય આરોપી લક્ષ્મણકુમાર ઉર્ફે ગુડ્ડુ દિલીપ યાદવને ક્રાઈમ બ્રાન્ચે લિંબાયતમાંથી ઝડપી લીધો હતો.

બંને આરોપીઓએ ૧૯ નવેમ્બરે માત્ર ૪૫ મિનિટમાં પાંચ લૂંટ અને હુમલાની ઘટનાઓને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. અગાઉ ૧૧ મે, ૨૦૨૬ના રોજ પણ પોલીસે હત્યાના આરોપી પર ફાયરિંગ કર્યું હતું.

ગુજરાત પોલીસમાં ૩૦૦૧ જગ્યાઓ માટે ભરતીની બોર્ડ દ્વારા કરાઈ જાહેરાત

અમદાવાદ,તા.૨૦

ગુજરાત પોલીસમાં સરકારી નોકરી મેળવવા ઈચ્છતા યુવાનો માટે ખુશીના સમાચાર છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ગ-૩ની લોકરક્ષક કેડર અને ટેકનિકલ સંવર્ગની કુલ ૩૦૦૧ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી છે.લોકરક્ષક કેડરની ૨૮૪૧ જગ્યાઓમાં બિનહથિયારી પોલીસ



કોન્સ્ટેબલની ૧૦૦૦ હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૧૦૦૦ અને એસઆરપીએફની ૮૪૧ જગ્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે ટેકનિકલ સંવર્ગમાં હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકની ૧૩૩ અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝરની ૨૭ જગ્યાઓ ભરવામાં આવશે.ભરતી માટે ધોરણ ૧૨ પાસ લાયકાત જરૂરી છે. ટેકનિકલ જગ્યાઓ માટે સંબંધિત ટ્રેડનું પ્રમાણપત્ર અને એપ્રેન્ટિસશિપની લાયકાત પણ જરૂરી રહેશે. ઓનલાઈન અરજી પ્રક્રિયા ૨૬ નવેમ્બર ૨૦૨૬ના બપોરે ૨ વાગ્યાથી શરૂ થશે અને ૧૬ ડિસેમ્બરના રાત્રે ૧૧.૫૯ વાગ્યા સુધી ચાલશે. ઉમેદવારોએ અરજી કરતાં પહેલાં સત્તાવાર જાહેરાતમાં લાયકાત અને ભરતીના નિયમો તપાસવા જરૂરી છે.

જસદણના જંગવડમાં ધોકા વડે હુમલો કરી દંપતીની હત્યા

રાજકોટ,તા.૨૦

જસદણ તાલુકાના જંગવડ ગામે ગુરુવારે બપોરે મિલકતની અદાવતમાં ચકચારી ડબલ મર્ડરની ઘટના બની હતી. ગામમાં રહેતા ૩૫ વર્ષીય પ્રકાશ ઘોડકીયા અને તેમની ૩૨ વર્ષીય સગર્ભા પત્ની વિલાસ કથા સાંભળવા જઈ રહ્યાં હતાં, ત્યારે કૌટુંબિક ભાઈ અશોક ઉર્ફે સૂડો ઘોડકીયાએ લાકડાના ધોકા વડે બંનેના માથામાં જીવલેણ ઘા ઝીંક્યા હતા. આ હુમલામાં વિલાસનું ઘટનાસ્થળે જ, જ્યારે પ્રકાશનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બચાવવા પડેલા અન્ય બે પરિવારજનોને પણ ઈજા પહોંચી હતી. આરોપી હુમલો કરીને ફરાર થઈ ગયો છે.





